RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 180 Date: 21.04.2024 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# રાહુલ વાયનાડ છોડીને પણ ભાગી જશે : PM



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બપોરે મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી રેલી યોજી હતી જ્યાં તેમણે પ્રથમ તબક્કામાં મતદાન કરનારાઓનો આભાર માન્યો હતો. સ્એ ફરી કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું- ઈન્ડી ગઠબંધનને ઉમેદવાર નથી મળી રહ્યા. રાહુલને વાયનાડમાં સંકટ દેખાય છે. જેમ તેઓ અમેઠીમાંથી ભાગી ગયા, તેમ વાયનાડમાંથી પણ ભાગવું પડશે. ૪ જૂન પછી ઈન્ડી ગઠબંધન એકબીજાના કપડા ફાડશે. હું મતદારોને કહું છું કે તેઓ તેમના મનની વાત અનુસાર ғહછને મત આપો. ગરીબો, દલિતો, વંચિતો, મજૂરો અને ખેડૂતોના વિકાસ સામે કોંગ્રેસ હંમેશા દિવાલ બનીને ઉભી રહી છે. આજે પણ એનડીએ સરકાર ગરીબો માટે કોઈ કામ કરે છે તો કોંગ્રેસ તેની મજાક ઉડાવે છેઆઝાદીના ૬ દાયકા પછી પહેલીવાર અમે કરોડો ગરીબ મહિલાઓને શૌચાલય આપવાનું અભિયાન શરૂ કર્યું. તે સમયે કોંગ્રેસ અને ઈન્ડી આઘાડીના લોકો તેમની મજાક ઉડાવતા હતા.નાંદેડમાં ઈન્ડી ગઠબંધન અંગે પીએમે એમ પણ કહ્યું કે શું તેઓ ક્યારેય તમારી સમસ્યાઓ હલ કરી શકશે? કોંગ્રેસે દાયકાઓથી મહારાષ્ટ્ર અને વિદર્ભ-મરાઠવાડની આસપાસ ગૂંગળામણનું કામ કર્યું છે. આ વિસ્તારમાં દુષ્કાળની સ્થિતિ અને પાણીની કટોકટી એક દિવસમાં ઊભી થઈ નથી. કોંગ્રેસના વલણને કારણે ખેડૂતો નબળા બન્યા. લાખો યુવાનોએ સ્થળાંતર કરવું પડ્યું છે.હવે ૮૦ ટકાથી વધુ ઘરોમાં નળનું પાણી મળવા લાગ્યું છે. અપર ગંગા પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. ખેડૂતોને પાક વીમા હેઠળ પ્રીમિયમ કરતાં ૫ ગણો વધુ ક્લેમ મળ્યો છે. નાંદેડના ખેડૂતોને કિસાન સન્માન નિધિમાંથી ૧૩૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ મળી છે. અમારી સરકારે બરછટ અનાજને માન્યતા આપી, જેને શ્રી અન્ન કહેવાય છે. આનું અહીં પુષ્કળ પ્રમાણમાં ઉત્પાદન થાય છે. આખી દુનિયામાં તેને સુપરફૂડ કહેવામાં આવે છે. મોદીની ગેરંટી કોંગ્રેસે લગાવેલા ઘા મટાડવાની છે મોદીએ કહ્યું- કોંગ્રેસે આપેલા દરેક ઘાની સારવાર કરવાની આ મોદીની ગેરંટી છે. આ વિસ્તારમાં શક્તિપીઠ એક્સપ્રેસ વે અને સમૃદ્ધિ મહામાર્ગ જેવા વિશ્વ કક્ષાના રસ્તાઓ મળ્યા છે. ઙ્ઘછઙ્ઘ યોજના હેઠળ નાંદેડ એરપોર્ટ ફરી શરૂ કરવામાં આવ્યું. પીએમ આવાસ હેઠળ હજારો ગરીબોને પાકા ઘર મળ્યા છે.આ તો માત્ર ટ્રેલર છે. અત્યારે તો અમારો ઘણો સમય કોંગ્રેસના ખાડાઓ ભરવામાં વીતી ગયો છે. આગામી ૫ વર્ષમાં આપણે મરાઠાવાડ અને મહારાષ્ટ્રને ઘણું આગળ લઈ જવાનું છે. નાંદેડની આ ભૂમિ શીખ ગુરુઓના ચરણોથી પવિત્ર થઈ હતી. ગુરુ ગોવિંદજીના ઉપદેશો હંમેશા અમારી સરકાર માટે પ્રેરણારૂપ રહ્યા છે.પીએમ મોદીએ કહ્યું- અમારી સરકારને ગુરુ નાનક દેવની ૫૦૦મી જન્મજયંતિ ઉજવવાનું સૌભાગ્ય મળ્યું. કરતારપુર કોરિડોર પૂર્ણ થયા બાદ લાખો શ્રદ્ધાળુઓને મદદ મળી રહી છે. લંગરને ટેક્સ ફ્રી કરવામાં આવ્યું છે. અફઘાનિસ્તાનમાં કટોકટી વખતે જ્યારે નિર્દોષોની હત્યા કરવામાં આવી હતી અને ધાર્મિક સ્થળો પર હુમલા થયા ત્યારે તે અમારી સરકાર જ જવાબદાર હતી. પછી અમે ગુરુ ગ્રંથ સાહિબના પવિત્ર સ્વરૂપને સંપૂર્ણ ગૌરવ સાથે ભારતમાં લાવ્યા હતા.અમારી સરકાર જ છે જેણે વિભાજનના પીડિતો માટે ઝછછ લાવી. જો આવું ન થયું હોત તો અફઘાનિસ્તાનથી આવેલા ભાઈ-બહેનોનું શું થાત? કોંગ્રેસ પણ તેનો વિરોધ કરી રહી છે. એવું લાગે છે કે કોંગ્રેસ હજુ પણ શીખો પાસેથી ૮૪નો બદલો લઈ રહી છે.મોદીએ ગેરંટી આપી હતી કે કાશ્મીરને કલમ ૩૭૦થી આઝાદી મળશે, કલમ ૩૭૦ ઈતિહાસ બની ગઈ છે. ટ્રિપલ તલાક ખતમ થશે, આજે મુસ્લિમ બહેનોને મુક્તિ મળી છે. અર્થતંત્રને ખાડામાંથી બહાર કાઢવાની ગેરંટી આપી. આજે ભારત ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આજે અયોધ્યામાં રામલલ્લાનું ભવ્ય મંદિર તૈયાર છે.

## ઓડિશામાં મહાનદીમાં બોટ પલટી, ૧નું મોત:૭ ગુમ, ૫૦થી વધુ લોકો બોટમાં સવાર હતા



ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં શુક્રવારે (૧૯ એપ્રિલ) સાંજે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ઓડિશામાં મહાનદીમાં બોટ પલટી ગઈ હતી. બોટમાં ૫૦થી વધુ લોકો સવાર હતા. આ દુર્ઘટનામાં એક મહિલાનું મોત થયું છે, તેનો મૃતદેહ પણ મળી આવ્યો છે. હજુ ૩ બાળકો સહિત ૭ લોકો હજુ પણ ગુમ છે. શનિવારે જીઙ્ઘઇહ્લની ટીમ પણ બચાવ કાર્યમાં લાગેલી છે.ઓડિશા સરકારે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. રાજ્યના સીએમ નવીન પટનાયકે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.પોલીસના જણાવ્યા અનુસાર, બોટ પાથરસેની કુડાથી બરગઢ જિલ્લાના બંજીપલ્લી જઈ રહી હતી. તેમાં ૫૦ થી વધુ લોકો સવાર હતા. બોટ ઝારસુગુડા જિલ્લાના રેંગાલી પોલીસ સ્ટેશનની હદમાં સારદા ઘાટ પર પહોંચી કે તરત જ તે પલટી ગઈ હતી.સ્થળ પર હાજર માછીમારોએ શુક્રવારે સાંજે જ ૩૫ લોકોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. માહિતી મળતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ ૭ લોકોને બચાવી લીધા હતા.

## કમાણીમાંથી મેળવેલ મિલકત ગેંગસ્ટર એક્ટ હેઠળ અટેચ કરી ન શકાય: અલ્હાબાદ હાઈકોર્ટ

અલ્હાબાદ,તા.૨૦

અલ્હાબાદ હાઈકોર્ટે સંભલ જિલ્લાના હઝરત નગરગઢી પોલીસ સ્ટેશનમાં ગેંગસ્ટર અને અસામાજિક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ નોંધાયેલી એફઆઈઆર પર જીલ્લા મેજીસ્ટ્રેટના આદેશને મનસ્વી ગણીને રદ કર્યો. અદાલતે કહ્યું કે, પોતાની કમાણી દ્વારા મેળવેલી સંપત્તિને ગેંગસ્ટરિઝમ હેઠળ જપ્ત કરી શકાતી નથી. જીલ્લા મેજીસ્ટ્રેટે આ બાબતે નવેસરથી વિચાર કરી આદેશ પસાર કરવો જોઈએ. જસ્ટિસ મહેશ ચંદ્ર ત્રિપાઠી અને જસ્ટિસ ગજેન્દ્ર કુમારની ડિવિઝન બેંચે રઝી હસન અને અન્ય લોકોની અરજી પર સુનાવણી કરતા આ આદેશ આપ્યો છે.કોર્ટે કહ્યું કે અરજદારનું ડબલ માળનું ઘર તેની પોતાની કમાણીથી બનાવવામાં આવ્યું હતું. ગેંગસ્ટર રહેબર હસન દ્વારા ગેરકાયદેસર રીતે એકત્રિત કરાયેલા નાણાંમાંથી બનાવવામાં આવ્યું નથી. જીલ્લા મેજીસ્ટ્રેટે આ કેસમાં પોલીસ રિપોર્ટના આધારે મિલકત જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે, જેનું પાલન કરવું ફરજિયાત હતું. જીલ્લા મેજીસ્ટ્રેટે આ આદેશને યાંત્રિક રીતે કોઈ મન લગાવ્યા વિના પસાર કર્યો, જે મનસ્વી છે.

આ કેસમાં અરજદાર પર આરોપ હતો કે તેણે ગેરકાયદેસર રીતે હસ્તગત કરેલી મિલકત સાથે બે માળનું મકાન બનાવ્યું હતું. તે એક ગેંગનો સક્રિય સભ્ય છે, જે જુગારની પ્રવૃત્તિઓમાં સક્રિય છે. લોકોને ડરાવી-ધમકાવીને પૈસા વસૂલ કરે છે. લોકોમાં ડર અને આતંક પ્રવર્તે છે, તેથી જ કોઈ તેમની સામે જુબાની આપવાની હિંમત કરતું નથી.

## આ વખતે દિલ્હીમાં કુલદીપ સૌથી નાની ઉંમરના અને જેપી સૌથી મોટી ઉંમરના ઉમેદવાર છે

નવીદિલ્હી,તા.૨૦

આ વખતે દિલ્હીમાં લોકસભાની ચૂંટણીમાં સૌથી યુવા અને સૌથી વૃદ્ધ ઉમેદવારો મેદાનમાં છે. પૂર્વ દિલ્હી પ્રદેશમાંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર, કુલદીપ કુમાર સૌથી નાની ઉંમરના છે અને ચાંદની ચોક પ્રદેશમાંથી કોંગ્રેસના જયપ્રકાશ અગ્રવાલ સૌથી મોટી ઉંમરે પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. અત્યાર સુધીના ઈતિહાસ પર નજર કરીએ તો કોંગ્રેસના સજ્જન કુમારના નામે યુવા સાંસદ બનવાનો રેકોર્ડ છે અને ભાજપના કેએલ શર્માના નામે વૃદ્ધ સાંસદ બનવાનો રેકોર્ડ છે. સજ્જન કુમાર ૧૯૮૦માં ૩૫ વર્ષની વયે સાંસદ તરીકે ચૂંટાયા હતા. તે જ સમયે, વર્ષ ૧૯૯૮ માં, ૭૩ વર્ષની વયે, કેએલ શર્મા સાંસદ બન્યા.

વર્ષ ૧૯૮૦ પહેલા દિલ્હીમાં સૌથી યુવા સાંસદ બનવાનો રેકોર્ડ દિલ્હીના પ્રથમ મુખ્યમંત્રી સી.એચ. તે બ્રહ્મપ્રકાશના નામે નોંધાયેલું હતું. તેઓ ૧૯૫૭માં ૩૯ વર્ષની વયે દિલ્હી સદર મતવિસ્તારમાંથી સાંસદ બન્યા હતા. પરંતુ વર્ષ ૧૯૮૦માં કોંગ્રેસના સજ્જન કુમાર ૩૫ વર્ષની ઉંમરે બહારની દિલ્હીમાં ચૌધરીમાં રહેવા ગયા. બ્રહ્મપ્રકાશને હરાવ્યો અને તેનો રેકોર્ડ તોડ્યો. આ વખતે પૂર્વ દિલ્હીથી આપની ટિકિટ પર ચૂંટણી લડી રહેલા કુલદીપ કુમાર ૩૪ વર્ષના છે. જો તે જીતવામાં સફળ થશે તો સૌથી યુવા સાંસદ બનવાનો સજ્જન કુમારનો ૪૪ વર્ષ જૂનો રેકોર્ડ તૂટી જશે.

વર્ષ ૨૦૧૪માં પણ દિલ્હીમાં યુવા અને વૃદ્ધોના સાંસદ બનવાનો રેકોર્ડ તોડવાની શક્યતાઓ હતી.

## મહેસાણા છત્રાલ હાઈવે પરથી ટ્રકના ચોર ખાનામાંથી ૩.૮૬ લાખનાં વિદેશી દારૂ - બિયરનાં જથ્થા સાથે ડ્રાઈવર ઝડપાયો



મહેસાણા છત્રાલ હાઈવે તરફ સર્વિસ રોડ પરની હોટલ નજીક ઉભેલી ખાલી ટ્રકનાં ચોર ખાનામાંથી ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચે પૂર્વ બાતમીના આધારે ત્રાટકીને વિદેશી દારૂ - બિયરની ૧૫૦૦ થી વધુ બોટલોનાં જથ્થા સાથે ડ્રાઈવરની ધરપકડ કરી કુલ રૂ. ૧૩.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ગાંધીનગર એસપી રવિ તેજા વાસમસેટ્ટીએ દારૂ જુગારની પ્રવૃતિઓ અટકાવવા માટેની આપેલી સૂચનાના પગલે લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ ડી બી વાળાની ટીમ જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, છત્રાલથી મહેસાણા તરફ જતા રોડ ઉપર આવેલ અમીરશ હોટલ નજીક ચંદ્રેશ કેબલ લીમીટેડ કંપનીના દિવાલને અડીને આવેલ સર્વીસ રોડ ઉપર ઉભેલી ટ્રકમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલો છે. જેનાં પગલે પોલીસની ટીમ તાત્કાલિક બાતમી વાળી જગ્યાએ પહોંચી ગઈ હતી.જ્યાં ટ્રકમાં તપાસ કરતા કેબીનમાં ડ્રાઈવર સુંતો હતો. જેને ગાઢ નિંદ્રામાંથી જગાડી પોલીસે પૂછતાંછ કરતાં તેણે પોતાનું નામ દિલીપ બસ્તીરામ મેઘવાલ (હાલ રહે. નાનદડી ગૌશાળાની બાજુમાં, ભુપેન્દ્ર પ્રજાપતિના મકાનમાં ભાડેથી, સારાનગર, જોધપુર,મૂળ રહે. ભાકરીવાલા ગામ,તા.રોહિટ જી.પાલી) હોવાનું જણાવ્યું હતું. બાદમાં ટ્રકની પાછળની બાજુ તપાસ કરતા ટ્રક ખાલીખમ હતી. પરંતુ જમાદાર રાજવીરસિંહ અને વિજયકુમારની બાતમી પાક્કી હોવાથી પોલીસે ટ્રકની પાછળના બોડીના ભાગે બારીકાઈથી તપાસ કરતા તળીયાના ભાગે લોખંડના પતરાની નીચે ચોર ખાનું બનાવી તેમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો સંતાડી રાખેલ હોવાનું જોવા મળ્યું હતું.બાદમાં ડ્રાઈવર દિલીપે ટ્રક નીચે જઈને ચોર ખાનાના બોલ્ટ ખોલતા ઉપરના ભાગેથી બે અલગ અલગ લોખંડના પતરાના ઢાંકણા ખુલી ગયા હતા. જેમાથી એક પછી એક કુલ ૬૨ વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી. જેમાંથી જરૂરીયાત મુજબની બોટલો એફએસએલ પૃથક્કરણ અર્થે કાઢીને દારૂની ગણતરી કરતાં ૧૫૬૨ નંગ વિદેશી દારૂ - બિયરનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું. જે અંગે કડકાઈથી પૂછતાંછ કરતાં દિલીપે કબૂલાત કરેલી કે, ૧૮ મી એપ્રિલની રાત્રે જોધપુર સારાનગરના પુખરાજ નામના ઈસમે ટ્રકમાં દારૂનો જથ્થો ભરી આપ્યો હતો.જે ટ્રક લઈને જોધપુરથી નીકળી આબુરોડ, અમીરગઢ બોર્ડર થઇ પાલનપુર વટાવી ઉંઝા, વિસનગર, ગોઝારીયા, નારદીપુર, કલોલ થઈ છત્રાલ ખાતે આવી પહોંચ્યો હતો.

## લાંગાની મિલકત ખરીદવાની મોડસ ઓપરેન્ડી
## ભ્રષ્ટાચારના રૂપિયા પુત્રની શેલ કંપનીમાં નાખતા, પછી પોતાના બેંક એકાઉન્ટમાં પરત લઈ મિલકત ખરીદતા, અઢળક પ્રોપર્ટી વસાવી




ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એસ.કે. લાંગા અને તેમના પુત્ર સામે લાંચરુશ્વતવિરોધી બ્યૂરો (છઝ્રમ્)એ અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કર્યો છે. છઝ્રમ્ની તપાસમાં લાંગા તેમના ફરજ દરમિયાન હોદ્દાનો દુરુપયોગ કરીને ઈરાદાપૂર્વક ગેરકાયદે રીતરસમો અપનાવી નાણાં મેળવતા હતા. આ નાણાંનો ઉપયોગ કરી પોતાના અને પુત્ર પરીક્ષિત શંકરદાન ગઢવીના નામે સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ કરતા હતા. લાંગા ભ્રષ્ટ્રાચારના રૂપિયાથી કેવી રીતે મિલકતો ખરીદતા એની મોડસ ઓપરેન્ડી સામે આવી છે. એમાં લાંગાએ જ્યારે જ્યારે મિલકત ખરીદવાની હોય ત્યારે તે પોતાના પુત્ર પરીક્ષિતની શેલ કંપનીમાં રોકડા રૂપિયા નાખી દેતા હતા. ત્યાર બાદ કંપનીમાંથી પોતાના બેંક એકાઉન્ટમાં નાણાં પરત લઈ લેતા અને બાદમાં મિલકત ખરીદતા હતા. આવી રીતે તેણે અઢળક મિલકત ખરીદી હતી.૧ એપ્રિલ ૨૦૦૮થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધીના સમયગાળામાં પોતાની કાયદેસરની કુલ આવક ૫,૮૭,૫૬,૯૩૯ની સામે તેમણે કુલ ખર્ચ અને રોકાણ કુલ રૂપિયા ૧૭,૫૯,૭૪,૬૮૨નું કર્યું છે. તેમણે ૧૯૮.૧૫ ટકા જેટલું રોકાણ કરી ૧૧.૬૪ કરોડની અપ્રમાણસર મિલકત વસાવી હોવાનું છઝ્રમ્ને તપાસમાં જણાઈ આવ્યું છે.અત્યારસુધીમાં જૂનાગઢમાં એક મકાન, સાણંદ, માંડલ અને બાવળા તાલુકામાં છ જમીન અને અમદાવાદમાં બે બંગલા, વડોદરામાં ૪ શો રૂમ, એક મકરબામાં ઓફિસ, એક સાણંદ વિસ્તારમાં રાધે આર્કેડમાં ફાર્મ, બાવળામાં રાઈસ મિલમાં ૫૦ ટકા ભાગીદારી અને ૨૦ જેટલાં બેંક એકાઉન્ટ છે. આ એકાઉન્ટ પરિવારના સભ્યોમાં ખાસ કરીને દીકરાના નામે વધારે છે. કિશન બાયોફ્યૂઅલ શેલ કંપની કાગળ પર રાખી હતી. આ શેલ કંપનીમાં રોકડ રકમ નાખીને પોતાના ખાતામાં ટ્રાન્સફર કરતી હતી. કાગળ પર ચાલતી શેલ કંપનીની ઓફિસ અમદાવાદના મકરબા ખાતે આવેલા સિગ્નેચર કોમ્પ્લેક્સમાં ચાલતી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. ત્યાં લાંગાના દીકરા પરીક્ષિતની ૫૦ ટકા ભાગીદારી હોવાની હકીકત જાણવા મળી હતી. તેમના એકાઉન્ટન્ટ દિલીપભાઈ ઠક્કર સાથે એ સમયે વાતચીત કરી હતી. તેમના જણાવ્યા મુજબ, મનહરભાઈ હેમંતસંગભાઈ ગઢવી તેમજ પરીક્ષિત શંકરદાર ગઢવી (પરીક્ષિત ગઢવી નિવૃત્ત કલેક્ટર એસ.કે. લાંગાના પુત્ર છે) મિલમાં બંનેની ભાગીદારી ૫૦-૫૦ ટકા છે.

**તંત્રી લેખ......**

# પતંજલિ યોગ શિબીરોની એન્ટ્રી ફી પર આપવો પડશે સર્વીસ ટેકસ

યોગગુરૂ, બાબા રામદેવની મુશ્કેલીનો અંત નથી આવતો હવે બાબા રામદેવનાં પતંજલી યોગપીઠ ટ્રસ્ટને શુક્રવારે સુપ્રિમ કોર્ટે ઝટકો આપ્યો છે.અદાલતે અપીલીયય ન્યાયાધીકારણનાં એ નિર્ણયને યથાવત રાખ્યો. જેમાં ટ્રસ્ટને યોગ શિબીરનાં આયોજન માટે એન્ટ્રી ફી લેવા પર સેવા કર ચુકવવાનું કહેવામાં આવ્યુ હતું.ન્યાયમુર્તિ આમય એસ.ઓઝા અને ન્યાયમુર્તિ ઉજજવલ ભુઈયાની પીઠે સીમા શુલ્ક, ઉત્પાદન શુલ્ક અને સેવા કર અપીલીય ન્યાયાધિકરણ (સીઈએસટીએટી) ની અલાહાબાદ પીઠના ૫ ઓકટોબર ૨૦૨૩ ના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો ઈક્કાર કરી દીધો હતો પીઠે પતંજલી ટ્રસ્ટની અપીલને ફગાવી દેતા કહ્યું હતું કે ન્યાયાધિકરણનાં આદેશની સમીક્ષા કરવાનું કોઈ કારણ નથી.ખરેખર તો સીઈએસટીએટીએ પોતાના આદેશમાં કહ્યું હતું કે પતંજલી યોગપીઠ ટ્રસ્ટ યોગ શિબીરોમાં સામેલ થવા માટે ચાર્જ વસુલવામાં આવે છે. એટલે આ સ્વાસ્થ્ય ફીટનેસ સેવાની શ્રેણીમાં આવે છે અને તેના પર સેવા કર લાગશે.સીમા શુલ્ક અને કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક, મેરઠ રેન્જના કમિશ્નરે ઓકટોબર ૨૦૦૬ થી માર્ચ ૨૦૧૧ માટે દંડ અને વ્યાજ સહીત લગભગ ૪.૫ કરોડ રૂપિયાના સેવા કરની પતંજલી યોગપીઠ ટ્રસ્ટ પાસેથી માંગ કરી હતી. જેના જવાબમાં ટ્રસ્ટે દલીલ કરી હતી કે તે એવી સેવાઓ આપી રહ્યું છે જે બીમારીઓનાં ઈલાજ માટે છે. આ સેવાઓ સ્વાસ્થ્ય અને ફીટનેસ સેવા અંતર્ગત કર યોગ્ય નથી.

# ૨૧થી ૨૩ એપ્રિલ સુધી બહુચરાજી ખાતે ચૈત્રી પૂનમનો મેળો યોજાશે, સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન



બહુચરાજી ખાતે દર વર્ષે પરંપરાગત ચૈત્રી પૂનમનો મેળો યોજાય છે. આ વર્ષે પણ આ મેળો તારીખ ૨૧ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. તારીખ ૨૨ એપ્રિલ ચૈત્ર સુદ ૧૪ને રાત્રે કલાકે બહુચરાજી મેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સૌ યાત્રાળુ, ભક્તોને લાભ લેવા બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત બહુચરાજી ચૈત્રી પૂનમના મેળા દરમિયાન ૨૩ એપ્રિલ ચૈત્ર સુદ પૂનમના દિવસે યાત્રાળુઓ માટે બપોર તથા સાંજે મફત ભોજન પ્રસાદની વ્યવસ્થા અન્નપૂર્ણા ભોજનાલય ખાતે કરવામાં આવી છે તેમજ ચૈત્ર સુદ પૂનમને ૨૩ એપ્રિલ ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે માતાજીની સવારી નિજ મંદિરથી નીકળી શંખલપુર મુકામે જશે.જેથી યાત્રિકો માટે ચૈત્ર સુદ ૧૪ને સોમવાર ૨૨ એપ્રિલ ના રોજ સવારે ૫ કલાકથી ૨૩ એપ્રિલ ને મંગળવારના રોજ પૂનમની રાત્રે માતાજીની સવારી શંખલપુરથી પરત આવે ત્યાં સુધી દર્શનાર્થીઓ માટે નિજ મંદિરના દ્વાર સતત ખુલ્લા રહેશે

# ૧ વર્ષમાં ૧૬ ગુનામાં ૩ કરોડની ઠગાઈ, શિક્ષક, બેન્કકર્મી સહિતના ભોગ બન્યા

ગાંધીનગરમાં બનતા સાયબર ફ્રોડના બનાવમાં તમામ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા અને સારા પદ પર ફરજ બજાવતા લોકો જ સપડાયા છે. શિક્ષિતો દ્વારા મોબાઇલ પર વિવિધ સાઇટ્સના સર્ફિંગ અને ઓનલાઇન પેમેન્ટ સુવિધાના સૌથી વધુ વપરાશ કરવાને કારણે તેઓ સાબર ગઠીયાઓના ટ્રેપમાં આબાદ સપડાય છે. પરંતુ સૌથી મહત્વનું કારણ એ છે કે ટૂંકા ગાળામાં વધુ નાણા મેળવવાની લાલચને કારણે તેઓ ટ્રેપમાં ફસાઇ રહ્યા છે. ગાંધીનગરમાં છેલ્લા એક વર્ષમાં સાયબર ફ્રોડના ૧૬ કિસ્સા બન્યા છે જેમાં ભોગ બનનાર સોફ્ટવેર એન્જિનિયરથી લઇને શિક્ષક, કંપનીના અધિકારી અને બેંકના કર્મચારીનો સમાવેશ થાય છે હાલમાં ખાસ કરીને બે પ્રકારે ફ્રોડ થઇ રહ્યા છે. જેમાં એકમાં રોકાણ કરાવવાનુ કહેવામાં આવે છે અને બીજામાં ટાસ્ક આપવામાં આવે છે. જ્યારે રોકાણ કરાવવાનું કહેવામાં આવે ત્યારે નાગરિકે તે બાબતે તપાસ કરવી જોઇએ. ગઠિયાઓ ઓનલાઇન રોકાણ કરાવવાનુ કહી વધુ નફો બતાવતા હોય છે. ત્યારે નાગરિકે તેને રૂબરૂ મળવુ જોઇએ. આપણને પરસેવાની રકમ રોકાણ કરતા પહેલા તેની ઓફિસ જોવી જોઇએ. ફોન કરનાર વ્યક્તિને મળવાથી તે સાચી ઓફિસ છે કે લેભાગુ તત્વોની ઓફિસ છે તેનો ખ્યાલ આવશે. તે ઉપરાંત ગઠિયાઓની સાઇટમાં રોકાણ કરવાથી નફો બતાવતા હોય છે. ખરેખર સાચા બ્રોકર ક્યારેય નફો બતાવતા નથી. જેથી આ બાબતનો ખ્યાલ રાખવો જોઇએ. જ્યારે ગઠિયાઓ વર્ચ્યુઅલ નંબર ઉપરથી ફોન કરતા હોય છે, લોકલ નંબર ઉપરથી કેમ ફોન કરતા નથી. જ્યારે જ્યારે વર્ચ્યુઅલ નંબર ઉપરથી ફોન આવે ત્યારે નાગરિકે સજાગ બની જવુ જોઇએ અને તેને ખબર પડવી જોઇએ કે તેની સાથે કઇ ખોટુ થવા જઇ રહ્યુ છે. તે ઉપરાંત સાઇબર ફ્રોડ રોકવા માટેની હેલ્પ લાઇન ૧૯૩૦નો ઉપયોગ કરવો જોઇએ.

# ભારત સોને કી ચીડિયા તરીકે નહીં પણ સોનાના સિંહ તરીકે ઊભું રહેશે : રાષ્ટ્રીય સંત ગોવિંદદેવ ગિરિ મહારાજ

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ઝેંય)ના હિંદુ અભ્યાસ અભ્યાસક્રમ હેઠળ યોજાયેલા રાષ્ટ્રીય પરિસંવાદના મુખ્ય અતિથિ મહર્ષિ વેદવ્યાસ પ્રતિષ્ઠાન, પુણેના સ્થાપક અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ, અયોધ્યાના ખજાનચી રાષ્ટ્રસંત ગોવિંદ દેવ ગિરિ મહારાજે કહ્યું કે આપણે ભારતીયોએ સંસ્કૃતિ અને મૂલ્યો વિશે વિચારવું પડશે. ભારત સોને કી ચીડિયા તરીકે નહી પણ સોનાના સિંહ તરીકે ઊભું આવશે.વધુમાં તેમણે કહ્યું કે જયારે તેઓ વિદેશમાં અભ્યાસ કરીને ભારત પાછા ફર્યા ત્યારે તેમને સમજાયું કે આપણે જે જ્ઞાન અંગ્રેજી ભાષામાં જોઈએ છીએ અને સાંભળીએ છીએ તે તમામ જ્ઞાન આપણી સંસ્કૃતિ અને ગ્રંથોમાં પહેલેથી જ છે. મુખ્યત્વે અંગ્રેજી ભાષામાં મેનેજમેન્ટ, સ્વ-વિકાસ, માનવ સંબંધો અને નેતૃત્વના ગુણોના વિકાસ જેવા વિષયો પર મોટાભાગનું લેખન થયું છે. આવી સ્થિતિમાં એ વાત સામે આવી છે કે આ વિચારો નવા નથી, અમે આ બધું મહાભારત, રામાયણ અને ભગવદ ગીતામાંથી શીખ્યા છીએ. ફક્ત વિચારોની અભિવ્યક્તિ અંગ્રેજીમાં છે, તેથી જ આ જ્ઞાન આપણને નવું લાગે છે. આપણે આપણી સંસ્કૃતિને શીખવાની અને સમજવાની દૃષ્ટિએ જોવાની જરૂર છે.તેમણે કહ્યું કે પશ્ચિમના લોકો સંસ્કૃતને મૃત ભાષા કહે છે પરંતુ સંસ્કૃત એકમાત્ર એવી ભાષા છે જે કોમ્પ્યુટર માટે શ્રેષ્ઠ છે. તેમણે કહ્યું કે અમારી વૈભવી શિક્ષણ પ્રણાલીથી અમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. ૧૮૩૬માં અંગ્રેજી શિક્ષણ લાગુ કરવામાં આવ્યું તે પહેલાં, અંગ્રેજોએ ૧૮૧૮ સુધીની તમામ શિક્ષણ પ્રણાલીનું સર્વેક્ષણ કર્યું અને તેને સમાપ્ત કરવાની યોજના બનાવી. તેમણે કહ્યું કે તે અમારી ગુરુકુળ પરંપરા છે. મેક્સ મુલરના પત્રનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ભારતને કાયમ માટે ગુલામ બનાવવા માટે અહીંની શિક્ષણ વ્યવસ્થામાં ફેરફાર કરવો જરૂરી છે એવું મેકોલેએ કહ્યું હતું. તેમણે કહ્યું કે ભારતની ધરતીનો સોનેરી ઈતિહાસ છે.

તેમણે કહ્યું કે હવે ભારત સોનાની ચિડિયા નહી પણ સોનાનો સિંહ બનીને ઊભું રહેશે. આપણે ભારતીયતા પર ગર્વ અનુભવવો જોઈએ. વિશ્વની તમામ સંસ્કૃતિઓ નાશ પામી છે. પરંતુ ભારતની સંસ્કૃતિ અમીટ છે. આપણી સંસ્કૃતિએ માનવ કલ્યાણ માટે ઘણું આપ્યું છે. ભારતના ઋષિમુનિઓ એ માનવજાતનું સંચાલન શીખવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્ઞાન શક્તિ અને ક્રિયા શક્તિ ઈચ્છા શક્તિને અનુસરે છે. આપણી ઈચ્છાઓ હોવી જોઈએ. મહાન બનવા માટે ઈચ્છાઓ હોવી જોઈએ.



આપણે જીવનમાં સમયનું વિભાજન રાખવું જોઈએ. આપણા ધર્મમાં કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નથી. અમે સમગ્ર વિશ્વને એક કરવા માટે કામ કર્યું છે.

# કચરાની કિંમતે કાંચન કે કેસર મેળવવાની કામના કરવી એ નરી પ્રવચના કહેવાય!!!

છાશ એ એક દુગ્ધ પેય છે. સામાન્ય રીતે છાશ એ માખણને વલોવતા પાછળ વધેલું પ્રવાહી, અથવા દહીંમાં પાણી, મીઠું, મસાલા ભેળવીને તૈયાર થતું પેય કે દૂધને આથો લાવીને તૈયાર કરાતું પીણું. દક્ષિણ યુ.એસ.એ ભારત અને મધ્ય પૂર્વ ના દેશોમાં જ્યાં દૂધ-દહીં જલ્દી ખટાશ પકડે છે ત્યાં આવા પેય પ્રસિદ્ધ છે. સ્કૅંડીવેનીયાનમાં ઠંડું વાતાવરણ હોવા છતાં આ પીણું ત્યાં પ્રિય છે. પારંપારિક છાશ હોય કે સંવર્ધિત છાશ, તેની ખટાશ દૂધમાં રહેલા અમ્લ (એસિડ) ને આભારી છે. દૂધમાં વધેલ અમ્લીય ગુણ ખાસ કરીને લેક્ટિક એસિડને કારણે હોય છે. જે લેક્ટિક એસિડ જીવાણુ દ્વારા થતાં દૂધના લેક્ટોસ નામની સાકરના આથવણ સમયે આડપેદાશ તરીકે ઉત્પન્ન થાય છે. લેક્ટિક એસિડ ઉત્પન્ન થવાથી દૂધના ઉૐમાં ઘટાડો આવે છે અને દૂધમાં રહેલ કૅસીઈન નામના પ્રોટીનના ના ઠારણને કારણે થાય છે જેથી દૂધ જાડું બની ને જામે છે. આને લીધે છાશ દૂધ કરતાં જાડી બને છે. પારંપારિક અને સંવર્ધિત બંને પ્રકારની છાશ માં લેક્ટિક એસિડ હોય છે અને પારંપારિક છાશ વધુ પાતળી હોય છે.એટલે કે દાળની માફક દે દામોદર છાશમાં પાણી ગમે તેટલું ધમકાવી શકાય છે. ૧૯૦૦ પહેલાં યુ.એસ.માં છાશ ડુક્કરને પિવડાવી દેવામાં આવતી પણ પાછળથી તેના ગુણધર્મો જાણ્યા પછી તેનો માનવવપરાશ માટે ઉપયોગ થવા માંડ્યો. છાશમાંથી લૅક્ટોઝ અથવા દુગ્ધ-શર્કરા મેળવી શકાય છે. મીઠી છાશને સૂકવી તેમાંથી મેળવેલ પાઉડર આઈસક્રીમ અને અન્ય વાનગી બનાવવા વપરાય છે.

છાશમાં મુખ્યત્વે આશરે ૯૦ % પાણી, ૫ % દુગ્ધ-શર્કરા (દ્વેજ્ઞા જેપ્ત્ક્ટી) અને આશરે ૩ % કેસીન હોય છે. તેમાં થોડા પ્રમાણમાં માખણનું તેલ (દ્વૌકિટ્ટં) અને લૅક્ટિક ઍસિડ હોય છે, જે તેને ખાટો સ્વાદ આપે છે.

હેઠલે નેતરે કાનોજી રહેશે/ઉપલે નેતરે ગોપીયુ રે લોલ ગોળીની છાશનું જે વલોણું હોય તેને દોરડું બાંધીને ફેરવાય છે. તેને નેતરાં કહે છે. વલોણામાં ઉપલું નેતરું હળવું હોય પણ હેઠલું (નીચેનું) દોરડુ ભારે હોય એટલે તે ભગવાન કૃષ્ણને ભાગે અપાતું! આજે પણ જૂના ચિત્રો વેચાય છે તેમાં કૃષ્ણ ભગવાન ગોળીમાંથી માખણ લઈને ખાતા હોય તેવા દશ્ય છે.

તુર્કીના રાજકારણી રીજીબ તાયપ અર્ગન એક વખત તુર્કીના પ્રમુખ અને એક વખત વડા પ્રધાન રહ્યા હતા. તેમણે છાશને રાષ્ટ્રીય પીણું જાહેર કર્યુ હતું!

પુખ્તવયની વ્યક્તિને હાડકાં અને દાંતને મજબૂર રાખવા દરરોજ ૧,000થી ૧,૨૦૦ મીલી કેલ્શિયમની જરૂર પડે છે. દૂધના એક ગ્લાસમાં ૩૦૦ મીલી કેલ્શિયમ હોય છે, જ્યારે ૧ કપ છાશમાં ૪૨૦ મીલી કેલ્શિયમ હોય છે. તમારા રોજના ભોજનમાં માત્ર એક કપ છાશનો ઉપયોગ કરવાથી કેલ્શિયમનું પ્રમાણ ૩૫૦ મીલી સુધી વધી જશે! છાશમાં પ્રોટિન, પોટેશિયમ અને વિટામીન બીનું સારું એવું પ્રમાણ હોય છે. આ દરેક તત્વોમાં મોટાપ્રમાણમાં વિટામીન, મીનરલ્સ અને એન્ટીઓક્સિડન્ટ્સ હોય છે. આ પોષક તત્વો રોગ પ્રતિકાર શક્તિ વધારે છે, ઊંઘ સારી આવે છે, હોર્મોન સિન્થેસીસ વધારે છે અને બીજા પણ ઘણાં ફાયદા છે. છાશમાં રહેલી દૂધની ચરબીમાં અદ્ભૂત બાયોએક્ટિવ પ્રોટિન હોય છે જે કોલેસ્ટોરલને ઓછું કરે છે, તેમાં એન્ટીવાઈરલ, એન્ટીબેક્ટેરિયલ અને એન્ટીકાર્સિનજેનિક તત્ત્વો હોય છે. સ્ટડીમાં એ પણ જણાયું છે કે, દરરોજ છાશ પીવાથી બ્લડ પ્રેશર પણ ધીરે-ધીરે ઓછું થાય છે.

સંવર્ધિત છાશ એ એક અથવાયેલ દુગ્ધ પેય છે. તેને ગાયના (કોઈ પણ) દૂધમાંથી બનાવવામાં આવે છે. ભેંસ ના દૂધ માંથી બનાવેલી છાશ સ્વાદમાં થોડી ખાટી હોય છે. આ ખટાશ લેક્ટિક એસિડ જીવાણુંને આભારી છે. આ પ્રકારે છાશ ઉત્પાદનની બે રીતો પ્રચલિત છે. સંવર્ધિત છાશની બનાવટમાં સીધાં દૂધમાં લેક્ટિક એસિડ બેક્ટેરિયા ઉમેરાય છે. જેને સ્ટ્રેપ્ટોકોકસ લેક્ટિસ તરીકે ઓળખાય છે. એક અન્ય પ્રજાતિના જીવાણું વાપારીને પણ અન્ય છાશ બને છે, જેને બલ્ગેરિયન છાશ કહે છે. આની બનાવટમાં લેક્ટોબેસિલસ બલ્ગેરિકસ નામના જીવાણું વપરાય છે. જેઓ ખટાશ લાવે છે.

છાશને હીન્દીમાં છાશ, પંજાબીમાં લસ્સી, મરાઠીમાં તાક અને તમિળમાં મોર કહે છે. છાશને અંગ્રેજીમાં બટરમિલ્ક કહે છે. વાતાવણની ગરમી સામે લડવામાં છાશ શરીરને ઠંડુ રાખવામાં મદદ કરે છે. આયુર્વેદિક અને સિદ્ધ ચિકિત્સા પદ્ધતિમાં પણ છાશ ગરમી શામક હોવાનું મનાય છે.

આયુર્વેદમાં છાશના પાંચ પ્રકાર બતાવ્યાં છે.ધોલ એટલે માત્ર દહીંને વલોવીને તૈયાર થતું વલોવાયેલી છાશ .મથિત એટલે દહીં ઉપરથી મલાઈનો થર કાઢીને તૈયાર થયેલ વલોણું.તક એટલે દહીં માં ચોથાભાગનું પાણી ઉમેરી તૈયાર કરતું વલોણું.ઉદક્ષિત એટલે અડધું દહીં અને અડધું પાણી ભેળવી તૈયાર થતું વલોણું.ઈચ્છિત એટલે દહીંમાં પાણી ભેળવી માખણ નીતારી, ખૂબ પાણી ભેળવીને આછી કરેલ છાશ.જેમાં પાણી ઉપર અને તળિયે છાશ હોય . લોકબોલીમાં આવી છાશ ઉંઘેલી છાશ કહેવાય. તેને હલાવીએ ત્યારે કુંભકર્ણની માફક આળસ મરડી સફાળી જાગૃત થાય છે!!છાશના પાણીને આસ કહે છે!!!ઘોળવુત્ર એટલે એક ગ્લાસ દહીંને વલોવીને અડધું પાણી ભેળવી તેમા એક ચપટી નમક અને જીરુ (પાવડર) ભેળવીને આછી કરેલ છાશ.

છાશને આર્યુવેદમાં સાત્વિક ફૂડ કહેવામાં આવે છે.હવે જ્યારે તમને મસાલેદાર કે ભારે ખોરાક લીધા પછી એસિડિટી થઈ જાય તો કોઈ દવા લેવાને બદલે ગ્લાસ ભરીને છાશ પી લેજો. દહીંમાંથી બનતું આ પીણું સ્વાદિષ્ટ પણ છે અને સ્વાસ્થ્ય વર્ધક પણ. તે ભોજનની સાથે પરફેક્ટ સહાયક પણ છે. વળી, જ્યારે કાળઝાળ ગરમીમાં તો બીજું કોઈ પીણું છાશ જેવી ઠંડક આપી જ ન શકે! છાશમાં રહેલા તત્વો અપચા સામે રક્ષણ આપે છે અને ખાટા ઓડકાર આવતા અટકાવે છે. છાશમાં પ્રોબાયોટિક્સ હોય છે .

જે લોકોને શરીરની અંદર ચાંદા પડ્યા હોય, જે લોકોને મોઢામાં ચાંદા પડ્યા હોય, અલ્સર થયા હોય એવા લોકોએ છાશ બિલકુલ પીવાની નથી. આ સમયે જો તમે છાશ પીશો તો હોજરીમાં ચાંદા મટવાની બદલે વધવા લાગશે, અલ્સર વધવા લાગશે પરિણામે આપણે ગંભીર પરિણામ ભોગવવાનું આવી શકે છે. માટે આ પ્રકારના લોકો એ છાશ બિલકુલ પીવાની નથી. જે લોકોને માથું દુખવાની ફરિયાદ છે, જે લોકોને પિત્તના વિકારો થી માથું દુખવાની ફરિયાદ છે, અડધું માથું દુખે છે તેવા લોકોએ બિલકુલ છાશ પીવાની નથી. જો આ સમય માં છાસ પીવો તો શરીર માં એસિડ નું પ્રમાણ વધશે, પરિણામે અડધું માથું, આખું માથું, આ તમામ વસ્તુ દુખશે. માટે આ પ્રકારના લોકો એ બિલકુલ છાશ પીવાની નથી.જે લોકોને ભ્રમ એટલે કે ચક્કરની સમસ્યા હોય તેવા લોકોએ બિલકુલ છાશ પીવાની નથી. ચક્કર આવવાના અનેક કારણો છે. જે લોકો મન સાથે સતત યુદ્ધ કર્યા કરે છે, જે લોકો સતત ચિંતા રાખે છે તેવા મોટા ભાગના લોકોને ચક્કરની સમસ્યા હોય છે. આ વિટામિન્સ, મિનરલ્સ, પોષક તત્વો, સપ્તધાતુ આ બધું શરીરમાં ઘટતું હોય તો પણ ચક્કર આવી શકે છે પરંતુ આ સમયે છાશ બિલકુલ પીવાની નથી. જે લોકો શારીરિક રીતે દુબળા હોય તેવા લોકોએ સાથ બિલકુલ પીવાની નથી. જે લોકોને શરીર ઘટતું જાય છે અથવા તો જે લોકો એકદમ દુબલા પતલા છે તેવા લોકોએ છાશ પીવાની હિતાવહ નથી. જો આ પ્રકારના લોકો છાશ પીશો વજન ઘટશે તો નહિ, પણ વધશે પણ નહિ. તો ખાસ ધ્યાન આપવું.જે લોકો માનસિક બીમાર છે. જે લોકોને પિત્તજન્ય રોગો છે. જે લોકો મગજથી એકદમ બે બાકડા રહ્યા કરે છે. જે લોકો રાજી ખુશી હંમેશા ખુશ રહેતા નથી. જે લોકો સતત ચિંતામાં રહ્યા કરતા હોય આ પ્રકારના લોકો એ છાશ પીવી હિતાવહ નથી. જે લોકો અત્યંત સ્ટ્રેસ ધરાવે છે. જે લોકોને દાહ તથા મૂર્છા નામ ના રોગો છે તેવા લોકોએ પણ છાશ

આભાર - નિહારીકા રવિયા બિલકુલ પીવાની નથી.

છાશ એ પૃથ્વી પરનું અમૃત કહેવાય છે. જો કે તેનો પૌરાણિક કે ઐતિહાસિક પુરાવો સાંપડતો નથી. મેરૂ પર્વતનો રવૈયો અને વાસુકિ નાગનું દોરડું કરીને દેવ-દાનવોને સમુદ્રમંથનનું એકમાત્ર જોઈન્ટ વેન્ચર કરેલ. જેમાં વિષ, અમૃત, ઐરાવત

વગેરે ચૌદ રત્નો નીકળેલ. જો કે, અમૃતની વહેંણીનો મિનિમમ કોમન એજન્ડા અંગે સર્વસંમતિ ન હોવાથી દેવ- દાનવનું ખીચડી એલાયન્સ પડી ભાંગેલ.અલબત, એમાંથી છાશ મળેલી કે તે અંગે રાષ્ટ્રપ્રેમી અને સનાતનની ઈતિહાસકારોમાં મતમતાંતર પ્રવર્તી રહેલ છે!!

છાશ એ માનવજીવનનું અગત્યનું અભિન્ન અંગ છે.પ્રાચીન સમયમાં ઘી,દૂધની નદીઓ વહેતી હતી અને ડાળે ડાળે સોનાની ચીડિયા ચહેકતી હતું તેવું કહેવામાં આવતું હતું . પરંતું, દહીંનો પર્વત હોવા કે છાશના ઝરણા, તળાવ ધોધ વહેતા હતા કે કેમ તે અંગ માર્કો પોલો કે હ્યુએન સંગે નોંધ્યું હોય તેવું જણાતું નથી. કોઇ આરટીઆઇ કરીને માહિતી માંગે તો સાચી માહિતી મળે!!! છાશનું સાહિત્યજગતમાં મહત્વ ઘણું. અરે પેલો રૂઢિપ્રયોગ છે નેપ''દુધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે.''

આ ધરતી પર જ્યાં સુધી છાશ છે ત્યાં સુધી વલોણું, જરણી, વલોવવું વગેરે શબ્દો આપણી આવનારી પેઢી સાંભળી શકશે..

સંન્યાસીને છાશ આપવાની ના પાડવાનો ઈન્કાર કરવાનો અધિકાર વહુને પાસે હોતો નથી. કેમ કે યુનોમાં ફ્રાન્સ, રશિયા, અમેરિકા ચીન વીટોનો અધિકાર ધરાવે છે તેમ છાશ આપવા અગર ન આપવાનો વીંટો વાપરવાનો અધિકાર સાસુમાને છે. પછી, ભલે સંન્યાસીને બે ધક્કા ખાવા પડે!! છોકરાથી છાશ ન પીવાય એવું પણ કહેવાય છે. કોઈના મોઢે દૂધ ગંધાય છે એમ કહેવાય છે પણ મોઢે છાશ ગંધાય છે એવુ? કહેવાતું નથી!!છાશમાં માખણ જાય અને વહુ ફૂવડ કહેવાય તેવું પણ કહેવાય છે. રીજુ રદનો સવાલ છ કે છાશમાં માખણ જાય તો માત્ર વહુ શા માટે ફૂવડ ગણ્યા? વહુ સાસુની આજ્ઞામાં કામ કરતી હોય તો સાસુ પણ કેમ ફૂવડ ના રહેવાય?। ★ બોલો સાસુ ફૂવડ કહેવાય . વહુના વાલેસરી કો કે તો બનવું પડે કે નહીં?।ગામડામાં જમવા માટે હાલો છાશ્યુ પીવા એમ કહેવાય છે!!

ગામડામાં છાશ વેચાણનું વસ્તુ ગણાતી નથી. બલ્કે, મિલ્કકેન, બોઘરણા, પવાલી,તપેલી ભરીને ગમતાનો ગુલાલ કરવામાં આવે છે ! અડધો લિટર છાશનું પાઉચ પંદર રૂપિયામાં આવે છે. તે પણ લોકોને મોંઘી લાગે છે !!!

કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીથી થોડે દૂર આવેલી એક જાણીતી રેસ્ટોરાંએ સાદી છાશના એક ગ્લાસના રૂ. ૨૦૦ વસૂલ્યા હોવાનું બિલ વાઈરલ થયું છે. ઘણા સમય પહેલા અભિનેતા રાહુલ બોઝે ફાઈવ સ્ટાર હોટેલમાં ઈંડા અને કેળાનો ભાવ અનેકગણો વસૂલવામાં આવતો હોવાની પોસ્ટ કરી હતી, જે ઘણી વાયરલ થઈ હતી.રૂ. ૨૦૦ એક છાશના ગ્લાસના સાંભળી ગરમીમાં ઠંડી ચડી જાય તેવું છે.

ગ્રાહકો પાસેથી ખિસ્સા ખંખેરતા હોટલ સંચાલકો તો ઘણા છે. પરંતુ જો છાશના એક ગ્લાસના ૨૦૦ રૂપિયા વસૂલવામા આવે તો સો ટકા આંચકો લાગે. ગ્રાહકે હોટલમાંથી છાશના ૬ ગ્લાસનો ઓર્ડર આપ્યો હતો, જેમાં માત્ર ૬ છાશનું બિલ ૧૨૦૦ રૂપિયા બન્યું છે.છાશના ઊંચા ભાવ માટે હોટલે ફોર સ્ટાર સ્ટેટસ હોવાનો દાવો કર્યો છે !!આ તો હોટલ ફોર સ્ટાર છે. એટલે છાશના એ ગ્લાસના બસો રૂપિયા લીધા છે. હોટલ સેવન સ્ટાર હોત તો છાશના એક ગ્લાસના સાતસો ઠોકી લીધા હોત!! મલ્ટિપ્લેકસ થિયેટરવાળા લારી ગલ્લા ધારક પાસેથી દસ રૂપિયાના સમોસા ખરીદ કરી સહેજ પણ ચેન્જ કર્યા સિવાય એક સમોસાના પંચોતેર રૂપિયા ઠોકી લે છે.ત્રીસ રૂપિયે કિલો મકાઈમાંથી પોપકોર્ન બનાવી ટબ પોપકોર્ન એ પણ અઢીસો ગ્રામના સાડા પાંચસો રૂપિયા ઝૂડી લે છે. કદાચ એક સિંગલ દાણા-પોપકોર્નના બે-ત્રણ રૂપિયા લેખે કુલ દાણા ગણી તગડા રૂપિયા વસૂલે છે.જે મકાઈ ન ફૂટી તેનો પણ ફૂલ ભાવ ગણી લેતા હશે!!પિત્ઝા એટલે શું? ઘઉંનો રોટલો કે જેના પર ચીઝ, મરચા,ઓરેગાના વગેરે લગાડેલ હોય તેના પાંચસોથી હજાર રૂપિયા લઈ લે છે ફાઈવ સ્ટાર હોટેલો વીસ રૂપિયાની વોટર બોટલના બસે રૂપિયા ઠોકી લે છે!!

છાશને પૃથ્વી પરનું અમૃત કહેવામાં આવે છે. અમૃતના મોલ કે દામ હોય? પ્લાસ્ટિકના ભાવે પારસમણી મળે?? સેકરિનના ભાવે શહેદ-મધ મળે ખરૂં? ચવન્ની-અઠન્નીમાં અમૃત મળે?? એક હાથે લઈ એક હાથે દેવું પડે છે!! બળદગાડાના ભાવે મર્સિડિઝ બેન્ઝ મળે? સાત્વિક,શુધ્ધ, અણિશુદ્ધ પરિશુધ્ધ મેળવવા માટે વધારે નાણા ચુકવવા પડે. ઓર્ગેનિક ફૂડ માટે વધુ રકમ ચુકવીએ જ છીએ ને?? શરબતી ટુકડી ઘઉંના ભાવે દાઉદખાની ઘઉં ખરીદવાના સ્વપ્ન જોવા એ શેખચલ્લીત્વ ગણાય?! કચરાની કિંમતે કાંચન કે કેસર મેળવવાની કામના કરવી એ નરી આંખે દિવાસ્વપ્ન જોવા બરાબર કહેવાય!!! એટલે બરખુદાર પૃથ્વી પરની સંજીવની સમાન છાશ પ્રાપ્ત કરવા માટે એક ગ્લાસ નહીં પણ છાશના એક બુંદ માટે છસો રૂપિયા હોંશે હોંશે તૈયાર રહો. કેમ કે, ભવિષ્યમાં છાશ મળશે કેમ તે પણ એક નિરુત્તર સવાલ છે!! મોઢું હસતું રાખી ગજવું ઢીલુંઢાલું રાખી છાશ ટટકાવે રાખો!!! અહમ્ તક્રામિ!!!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**N O G S S: 168**
વિષયઃ સાહિત્ય માં સુધારા
શીર્ષકઃ સાહિત્ય સોપાન
પ્રકારઃ ગદ્ય/શબ્દોઃ૩૪૯
લેખકનું નામઃ ડો. કનૈયાલાલ માલી
ઉદયપુર રાજસ્થાન

સાહિત્ય સોપાન

સાહિત્ય સમાજનું દર્પણ હોય યુગે યુગે સમયકાળ સાહિત્ય ક્ષેત્રે વપરાતા શબ્દમાં નવાં શબ્દો ઉમેરાતું જોવામાં આવે છે. જે સમયની માંગ છે. જેમ સંગીતમાં રાગ લય થીમ અંગે ચર્ચા માંગી લે છે. આજે સદીઓથી અંગ્રેજી ગુજરાતી હિન્દી મરાઠી તમિલનાડુ તેલગુ જેવી અનેક ભાષાઓમાં સાહિત્ય સર્જકો એનો અભ્યાસ કરી નવા શબ્દનું શબ્દકોશ તૈયાર કરેલ છે.સાહિત્ય એટલે લેખિત કૃતિઓ... જે સમૂહમાં બોલાતી લખાતી ભાષા શબ્દ એટલે સાહિત્ય... ગદ્ય પદ્ય કાલ્પનિક કૃતિઓ અથવા વાસ્તવલક્ષી પારદર્શિતા રચનાઓ સૌંદર્યલક્ષી હોય છે. કોઈપણ બોધ, મેસેજ વિચારતો માહિતીનું કથન જ્યારે પણ સૌંદર્યમંડિત હોય છે ત્યારે એ સાહિત્ય કૃતિ બની જાય છે. પૂજ્ય મોટા ના શબ્દોમાં કહું તો સાહિત્ય અંગે એમના લેખ તેમની ભાષા કૃતિ સંવાદ એમને સમયે સમય સાથે બહુ સૌંદર્યલક્ષી સરસ વર્ણવી છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ એમને પારદર્શિતા રીતે કાર્ય કર્યું છે. એમના લેખ કે કાવ્ય ગોષ્ટિને એમની મૌલિક ભાષામાં જ લખેલ છે. જે સામાન્ય વાચક પણ સમજી શકે છે. આજે શૈક્ષણિક સમાજમાં જોવા જઈએ તો શિક્ષણ ક્ષેત્રે ભાષાના તેમજ વ્યાકરણ અંગે ઉપયોગીતામાં સમજાણ ખૂબ જ મહેનત માંગી લે છે. સમાજમાં આજે બૌદ્ધિકસ્તર ઊંચું ધરાવતા સાહિત્યકાર લેખક કવિઓ થઈ ગયા છે.એમની રચનાઓ ગદ્ય પદ્ય હાઈકુ આદિ જોવા જઈએ તો સરળ અને ઉચ્ચ કોટી રીત વર્ણન તેઓ વર્ણવી જાણ્યા છે. સાહિત્ય એટલે શબ્દ શબ્દોમાં સ્પષ્ટતા સરળતા મૌલિકતા અને નિર્દેશતા હૃદય સ્પર્શી દર્પણ જ સાહિત્યને ટકાવી રાખે છે. સાહિત્ય ક્ષેત્રમાં સાહિત્ય મિત્રો કાજે ખૂબ સાહિત્ય ક્ષેત્રોમાં મહેનત માંગી લે છે. હું સાહિત્ય ક્ષેત્રમાં સુધારા તરીકે મારા વિચારો રજૂ કરું તો કહી શકું છું કે ભાષા ભલે જે હોય પરંતુ શબ્દો માં મૌલિકતા સરળતા અને રચનાને રચનાકાર એક સુંદર રીતે વર્ણન કરી શકે જે વાચક ને વાંચવામાં સરળતા રહે અને એના મન મસ્તિષ્ક માં ઉતરે અને સમજી શકે એ જ સાહિત્ય સમાજ માટે આજે ઉત્તમ છે. આજે પણ ભાષા ગુજરાતી હોય કે હિન્દી હોય પરંતુ ઉપયોગ કાર માટે સમજવામાં બોલવામાં તેઓ કઠિનાઈનો સામનો કરતા હોય છે. આજે સાહિત્ય સુધારા માટે એક ઊંચો બુદ્ધિશાળી વર્ગની જરૂર છે. આજે સાહિત્ય ક્ષેત્રે વિકાસ કાજે એક યુનિવર્સિટી ની જરૂર છે.જ્યાં બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને જ સાહિત્યકાર તરીકે જ્ઞાનપીરસવામાં આવે. જેથી તેઓ સાહિત્યને સાહિત્ય જગતમાં સુધારો કરી નવનિર્માણ કરી શકે.આ અંગે મારું લખાણ જરાય અતિશયોક્તિ નથી જે હું મારા અનુભવથી કહી શકું છું.

અસ્તુ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No 149**
વિષય સાહિત્ય માં સુધારા
શીર્ષક સાહિત્ય સાથે નાતો
પ્રકાર? પદ્ય,શબ્દો ૮૦
નામ પલ્લવી જોષી. સરિતા
ગામ વડોદરા

સાહિત્ય ને વ્યાકરણનો નાતો
પુરાણો છે,
આલંકારિક ભાષાનો નાતો પુરાણો છે.

સંધિને સમાસમા શબ્દો એ
શણગારે,
સ્વર વ્યંજનનની સાથે નાતો
પુરાણો છે.

વેદો ગ્રંથો ને મહાપુરાણો તો
આપ્યા છે,
વાર્તા ગીતો ને કાવ્યોનો નાતો
પુરાણો છે.

છંદોને લાવે છે સાહિત્ય આજે
જોને,
કવિતા ને ગઝલનો તો નાતો
પુરાણો છે.

જોડણી દોષ તો બતાવે એ
કેવા,
ભાષા શુધ્ધિ સાથે તો નાતો
પુરાણો છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**[ NOG SS NO. 0101**
વિષય : સાહિત્યમાં સુધારા
પ્રકાર : ગદ્ય શબ્દ : ૩૪૮
શીર્ષક : સાહિત્યની નિસબત
લેખક : ભરત સાંગાણી

સાહિત્યનું પરમ અને ચરમ પ્રયોજન આનંદ છે પણ બદલાતાં સમય સાથે સાહિત્ય 'કલા ખાતર કલા'નાં નિરૂપણમાંથી સરકીને 'જીવન ખાતર કલા' માટેના હેતુ માટે રચાવા માંડ્યું.
સાહિત્યએ વરસો જતાં અનેક રંગ બદલ્યાં છે. આ બદલવાનું કારણ ભાવનાઓ, વિચારો અને રહન-સહનનું સ્તર, લોક વ્યવહાર, સામાજિક બનાવો અને વૈચારિક સ્તર, ભૌતિક વિકાસ તથા વૈશ્વિક આદાન-પ્રદાન છે.
સાહિત્યકાર સમાજથી વેગળો નથી રહી શકતો. સમકાલીન સમાજનું પ્રતિનિધિત્વ સાહિત્ય કરે છે, તેથી તે તે સમયના સમાજ, રાજકારણ, રહન-સહન તે તે કૃતિઓમાં પ્રતિબિંબિત થતું હોય છે, જે ઈતિહાસની ગરજ પણ સારે છે. રામાયણ અને મહાભારત તેવાં મહાકાવ્યો છે.
અત્યારે સાહિત્ય હાંસિયામાં ચાલી ગયું છે. તેના માટે સાહિત્યકારો જવાબદાર છે. સાહિત્યમાં સુરેશ જોશી જેવા પ્રયોગશીલ સર્જક, બક્ષી જેવા વિસ્ફોટક લેખક કે સમાજ સાથે નિસ્બત ધરાવતાં સિતાંશુ યશશ્ચંદ્ર જેવાં કવિ, કે ઊર્મિ ગીતો અને ખંડકાવ્યના સર્જક કાન્ત જેવા સર્જક જોવાં નથી મળતાં. તત્વ દર્શી ભક્ત કવિ નરસિંહ મહેતા જેવી શૃંગાર રસ ધરાવતી કાવ્ય રચનાઓ પણ ક્યાં જોવાં મળે છે.
રતિક્રીડા જેવા વિષયને રાધા અને કૃષ્ણના આલંબનથી નરસિંહે સમાજને રતિક્રીડાનું પણ સમર્યાદ નિરૂપણ કરી બતાવ્યું છેઃ

"જાગો રે, જશોદાન જીવન! વહાણેલાં વાયાં;
તમારે ઓશીકે મારાં ચીર ચંપાયાં. "

અત્યારનું સાહિત્ય સમકાલીન સમાજને પ્રતિબિંબિત કરવામાં ઉણું ઉતરે છે. આજનાં સાહિત્ય ઘડતરમાં કલાત્મક રીતે સમાજનું પ્રતિબિંબ ઝીલાવું જોઈએ. અત્યારના નામવંત કવિઓ અને ગદ્ય લેખકોએ રાજકીય શેહમાં આવ્યાં વગર ફ્રાન્સના વોલ્ટેર જેવાં લેખકોની જેમ જનચેતના જગાવવાની જરૂર છે.
આજની સાહિત્ય રચનાઓ મહદ અંશે મધ્યમ વર્ગને ઉદ્દેશીને લખાતી હોય છે. તેમાં નીચલા વર્ગનાં લોકોને ઓછું સ્થાન મળે છે. પન્નાલાલ પટેલના 'મળેલાં જીવ', કે જોસેફ મેકવાનની 'આંગળિયાત' જેવી નવલકથાઓ જેમાં સમાજના છેવાડાના માણસોના ચરિત્રોના આલેખન જેવાં થયાં છે, તેવાં પાત્રોને લઈને વાર્તાઓ સર્જવી જોઈએ જેથી સામાજિક સમરસતા ઉજાગર કરી શકાય.
સાહિત્યમાં ચર્ચા જરૂરી છે, સાહિત્ય ગોષ્ટિ, સાહિત્ય શિબિરો, વારંવાર થવી જોઈએ, સોશિયલ મીડિયાના ઉદય પછી એ દિશામાં કાર્ય ખૂબ ઓછું થઈ રહ્યું છે. લોકોને લખવા માટેના, અભિવ્યક્તિ કરવા માટેનાં નવાં માધ્યમો મળ્યાં છે, પરંતુ માર્ગદર્શન વિનાનાં, લખાણોએ સાહિત્યને ભારે નુકશાન પહોંચાડ્યું છે. પ્રતિષ્ઠિત અને સિદ્ધહસ્ત પદ્ય, ગદ્ય લેખકોના સાથ સહકાર, અને તેમના નેજા હેઠળ પરિસંવાદો, શિબિરોના આયોજન ઓફ લાઈન, ઓનલાઈન સતત થવાં જોઈએ, તો જ ઉચ્ચ કક્ષાનું સાહિત્ય સર્જન શક્ય બનશે.
સાહિત્યનું કામ વ્યાપક રીતે સંવેદનાઓ પારખીને માનવતાનો મહિમા કરવાનો છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO.0059**
વિષયઃ સાહિત્યમા સુધારા
પ્રકાર, ગઘ્ય - લેખ
શીર્ષકઃ જીવન સુઘારે,,તેજ સૂઘારો !
શબ્દો ૨૬૮.
લેખકઃ જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

ફક્ત ત્રણ અક્ષર નો શબ્દ,★સુઘારો★ ,જે આપણાથી થયેલ ભુલ સુઘારવાની ઘડી લાવેછે, તો સમય અનુસાર જરુરી પ્રગતિ માટેની અમુલ્ય તક પણ આપણને આપી ,આગેકૂચ કરવા માટેની દિવાદાડી બની રહેછે .

સુઘારો સાહિત્ય અંગેનો હોય કે
ખુદ ના જીવન અંગે નો હોય, હા સુઘારો મોટે ભાગે સમયને અનુરૂપ લાભદાયીજ હોયછે.

હા કોઈપણ સુધારા ને શરુઆત મા વિરોઘ્ઘ નો સામનો તો કરવો જ પડેછે , પણ....
'ડગલુ ભર્યુ કે ના હઠવુ' ની કહેવતને જે ચિપકી રહેછે તે હમેશા ફાવે જ છે.

આપણે સૌ એ બાળપણ મા
અક ★૧★ અને મુળાક્ષર ★ક★ શીખવા માટે કેટલી વખત આપણી પાટીમા જરુરી સુધારા કર્યા હતા ?
આજે આપણે સૌ લખતા લહિયો થાય તે કહેવત ને સાર્થક કરી રહ્યા છીએને ?
સાહિત્યમા પણ સમયે સમયે જરુરી
આવશ્યક સૂધારાથીજ આજનુ આપણુ ગૌરવવંતુ સાહિત્ય આપણે માણી રહ્યા છીએ.

છંદ, દોહા, સાકી ભજન છપ્પા હેલો, ગરબી,
આભાર - નિહારીકા રવિયા શેર-શાયરી, ગઝલ, હાંઈકૂ, કવિતા,વાર્તા , ટુકીવાર્તા, લેખ,નિબંધ, વિગેરે હકીકતમા સમયે સમયે થયેલા સુધારા ની જ દેનછે.

આપણા વડાપ્રઘાન શ્રી નરેન્દ્રભાઈ
મોદી પણ દેશહિત માટે અત્યતં જરુરી
બંઘારણમા સુઘારા કરવા માટે સમસ્ત
ભારતિયપ્રજા પાસેથી આપણો કિમતી
મત ભારતીય જનતા પાર્ટી માટે આપવા આપણને જણાવી રહ્યાછે,
અને રાષ્ટહિત ને આપણે પ્રાઘન્ય આપી આપણો કિમતિ મત તેમની પાર્ટી ને આપવાની આપણી નૈતિક ફરજ પણ બનેછે.
સમયસર, અને સમજદારી પુર્વકના સૂઘારાઓ આપણા ઉજવળ ભવિષ્ય
માટેની ઉતમ તક જ ગણી શકાશે.

આજે સારો સૂઘારો કરવા આપેલો મત, આપણી આવનાર પેઢી માટેનુ આપણુ ઉતમ શાણપણ લેખાશે.

★આદી થી આઘુનિક★
★પ્યારે સુઘારા ની દેનછે★

★અપનાવી જીવનમા★
★વહેલો સુઘારો★
★પ્યારે' તમારુ જીવન તમે નિખા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'સાહિત્યમાં સુધારા'
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શીર્ષક :- ''સાહિત્યની કલમે'' (શબ્દો :- ૧૦૫)
રચનાકાર : કવિશ્રી યોગેશભાઇ પંડયા 'સ્વજન' જૂનાગઢ.

...સાહિત્યની કલમે...
કયારેક કલકલ, કયારેક કલરવ, કમાલ કરે છે કલમ,
શબ્દોને શાહીમાં બોળીને, સાહિત્ય લખે છે કલમ.

કોઇ વિજોગણ મેડીએ બેઠી, આંસુમાં ઝબોળે છે કલમ,
કાગળ પર ચિત્રે હૃદયના ભાવ, ચિત્રલેખા બને કલમ.

ભુખ્યા ભેરૂની ભુખ ભાંગે, જો સત્તાધિશ ચલાવે કલમ,
અહિં કોણ કોને પુછે, કેમ અને કયારે ચલાવવી કલમ.

સાધુસંતની ઊર્મિ અગોચર, ઇશ્વરના ગુણ ગાતી કલમ,
વિરોના બલીદાનો શરહદે, ને સૂરાતન ચડાવતી કલમ.

કાગળ-કલમ સહયોગ એવો, કુરબાની આપ્યા કરતી કલમ,
શાહિના બુંદ જેટલું અસ્તિત્વ, ને અમરતા અપાવતી કલમ.

હવે અબોલા મુકો સનમ, કાગળ પર યાદો કોતરે કલમ,
રહી કેટલી જીંદગી 'સ્વજન'? કલા કરે કોઇ કવિની કલમ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 136**
વિષય સાહિત્યમાં સુધારા
પ્રકાર ગદ્ય
શબ્દ સંખ્યા ૧૨૦
લેખકનું નામ હિમાંશી પંડિત નિર્મોહી
વીરપુર મહીસાગર

હું કોઈ મોટી લેખિકા કે કવિયત્રી નથી. મને સાહિત્યમાં સુધારાની ખબર ના પડે. પણ હા એટલી ચોક્કસ ખબર છે, કે ક્યાં અલ્પવિરામ આવે ક્યાં પૂર્ણવિરામ આવે. સાહિત્યમાં સુધારા શું લાવવા જોઈએ એ ખબર નથી. હા હું મારી વાત કરું તો મારે જોડણીમાં ભૂલો પડે છે અને આ વાંચશો તો તમને પણ મારી ભૂલો દેખાશે. હું એટલું કહેવા માગું છું કે સાહિત્યમાં જો ખબર નહોય તો સાહિત્યમાં સુધારા કરો એમ કહેવું અઘટિત છે. હા બીજાની ભૂલો આપણને તરત દેખાય છે . પણ સાહિત્યમાં આપણી ભૂલો
ક્યારેય દેખાતી નથી. મિત્રો આ લેખ તમને કેવો લાગ્યો એ મને અવશ્ય જણાવશો અને ભૂલ પણ જણાવજો તો હું સુધારી શકું.

# મૂર્ચ્છિત થયેલ લોકશાહીને ચપ્પલ સૂંઘાડી ભાનમાં લાવવી છે! ' ચપ્પલનું નિશાન ધરાવતા ઉમેદવાર પંડિત કેશવ દેવ ગૌતમની ખ્વાહિશ !

સ્ટેજ પર ચૂંટણીના ઉમેદવાર ઉભા હતા. ટેકેદારો એક પછી એક સ્ટેજ પર આવીને ઉમેદવાર સાથે હસ્તધૂનન કરીને ઉમેદવારનું અભિવાદનરૂપે ચપ્પલ આપતા હતા.હા, તમે બરાબર જ વાંચ્યું છે. ચપ્પલનો ચ.સામાન્ય રીતે નેતાને બુકે, ગુલછડી, ફૂલહાર, કે બુક આપવામાં આવે છે! અહીં ઉમેદવારને ચપ્પલ, સ્લીપર, ક્રોક્સ, બુટ,મોજડી,સેન્ડલ આપતા હતા. ઉમેદવાર ચપ્પલ બનાવનાર સમાજના પણ ન હતા. ઉમેદવાર તો પંડિત હતા. પંડિત અને ચપ્પલનું કિસ્મત કનેકસન ક્યાંથી કારગર નીવડે?સાલ્લું બધું ગરબડ ગોટાળા જેવું . રાજુ રદી અને અમારું મન ચકરાવે ચડી ગયું.!અમે પણ સ્ટેજ પર ચડી ગયા. અમે પંડિત કેશવ દેવ ગૌતમને ચૂંટણીમાં જીત મેળવવા માટે શુભેચ્છા આપી.

પંડિત સાહેબ,બખડજંતર ચેનલ તમારો ઈન્ટરવ્યું લેવા ચાહે છે!' મેં ઉમેદવારને કહ્યું.ઉમેદવારે ગળામાં પહેરેલી ચપ્પલની ચપ્પલમાળા સરખી કરી. સ્માઇલ પહેર્યું. વીખરાયેલા વાળ સરખા કર્યા. હે હાથ જોડી પોઝ આપ્યો. રાજુએ બેત્રણ ફોટા પાડ્યા.

' પંડિત સાહેબ, ચપ્પલમાળાનું શું ચક્કર છે?' અમે પહેલો સવાલ કર્યો.

' ચૂંટણી પંચે મને ચૂંટણી લડવા માટે અલગ તારવેલ ચિહ્નોમાંથી ચપ્પલની ફાળવણી કરી છે. એટલે મે ફૂલમાળા, વરમાળાની જેમ ચપ્પલમાળા ધારણ કરી છે!' પંડિત કેશવ દેવ ગૌતમે જવાબ આપ્યો.

'કોઇ વ્યક્તિ કોઇ કાળું કામ એટલે કે કુકર્મ કરે ત્યારે ગધેડા પર અવળો બેસાડી મોં કાળું કરી ચપ્પલની માળા પહેરાવી ગધેડાયાત્રા કાઢવામાં આવે છે. તમે તો ખુદ ચપ્પલમાળા પહેરીને વરરાજાની માફક તૈયાર થઇ ગયા છો! તમે ચૂંટણી સિમ્બોલ બદલવા કોશિશ ન કરી?' અમે પંડિતને ઠમઠોર્યા.' સાહેબ, અમે ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટ સાહેબને અરજી આપી . ચૂંટણી તંત્રે સિમ્બોલ બદલી આપવાનો ઈન્કાર કર્યો. એટલે લગ્નમાં પતિ પત્ની પડ્યું પાનું નિભાવી લે છે તેમ અમે સિમ્બોલને નિભાવી લીધું છે!' પંડિત સાહેબે વ્યાવહારિક એપ્રોચ અપનાવ્યો.

પંડિતજી, કોઇ ઉમેદવારને કટારીનું સિમ્બોલ ફાળવવામાં આવે તો ઉમેદવારે કટારી પેટમાં ખોસવાની થોડી હોય? કટારી કેડે લટકાવવાની હોય. તમે પગમાં જૂતા પહેરીને ફરો તો પણ પ્રચાર થઇ શકે કે નહીં?' અમે આગલો સવાલ કર્યો.

' જુઓ, રિપોર્ટર સાહેબ, ચપ્પલની વેલ્યુ જેવીતેવી નથી. ભગવાન રામ વનમાં ગયા ત્યારે અનુજ ભરતે સિંહાસન પર પ્રભુ રામની ચરણપાદુકા મુકીને ચૌદ વરસ શાસન કરેલ. અમારે ચપ્પલ મુકી રાજ કરવાનું છે. પછી ચપ્પલ રામની હોય કે રાવણની હોય!' પંડિત ઉવાચ.

' લોકો કોઇ ઇચ્છા પૂરી ન થાય ત્યાં સુધી ચપ્પલ ન પહેરવાની પ્રતિજ્ઞા કે બાધા લેતા હોય છે. અમારે ત્યાં એક ધારાસભ્યે મંત્રી ન બને ત્યાં સુધી ચપ્પલ ન પહેરવાની મોટી પ્રતિજ્ઞા લીધી હતી. આ નેતા ઉઘાડપગા તરીકે જાણીતા હતા. તેમને ત્રણ મહિના માટે મંત્રી બનાવી ચપ્પલ પહેરવાની તક એક મુખ્યમંત્રી સાહેબે આપેલી. તમે જીતવા માટે કોઇ માનતા-બાધાઆખડી લીધી છે?' અમે પૂછયું.

' અમે ચૂંટણીમાં જીતવા માટે કોઇ બાધા આખડી લીધેલ નથી. અમે કર્મઃ કૌશલેષુમાં શ્રધ્ધા રાખીએ છીએ! ' રણકતા અવાજે પંડિત કેશવ દેવ ગૌતમ બોલ્યા.

' મહાશય, આપે ગળામાં જે ચપ્પલમાળા પહેરી છે તેમાં કેટલા ચપ્પલ છે? તમે ચપ્પલનાળાનો ખર્ચ ચૂંટણી હિસાબમાં દેખાડ્યો છે?' અમે સ્ફોટક સવાલ પૂછયો. આ સવાલમાં ભલભલા ઉમેદવાર કલિનબોલ્ડ થતા હોય છે!

' અમે ગળામાં સાત ચપ્પલની માળા પહેરી છે!' પંડિત કેશવ દેવ ગૌતમે પ્રત્યુત્તર આપ્યો.

' કેમ સાત? નવ નહીં ? અગિયાર નહીં? બાર નહીં? એકસો આઠ નહીં?' અમે ઉમેદવારને ભીડવ્યો.

' રિપોર્ટર સાહેબ, સાત સંખ્યાનો મહિમા અપરંપાર છે. સપ્તાહના સાત દિવસ હોય છે. સંગીતના સાત સૂર હોય છે. રંગોની સંખ્યા સાત હોય છે!સપ્તપદીમાં સાત ફેરા ફરવાના હોય છે. લગ્નમાં સાત વચનો પતિપત્નીએ એકમેકને આપવાના હોય છે. લગ્નનો સાથ સાત ભવ નિભાવવાનો હોય છે. આ કારણોસર સાત ચપ્પલની માળા ધારણ કરી છે!

' તમે , અગાઉ કોઇ ચૂંટણી લડ્યા છો? ' પંડિત કેશવ દેવ ગૌતમને અમે સવાલ કર્યો.

' અમે, બે હજાર બાવીસમાં વિધાનસભાની ચૂંટણી લડી હતી. જેમાં અમને જીત મળી ન હતી. ' પંડિત બોલ્યા.

' તમે તો કોઇક પાર્ટીના પ્રમુખ છો. પછી અપક્ષ તરીકે કેમ ચૂંટણી લડી રહ્યા છો?' અમે અણિયાળો સવાલ કર્યો!

' અમે , ભ્રષ્ટાચાર વિરોધી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છીએ. બે હજાર બાવીસમા આ પાર્ટીના નેજા હેઠળ લડેલા . ભ્રષ્ટાચારના મામલામાં ભીનું સંકેલાઇ જાય છે તેમ અમારા જીતના વાવટા સંકેલાઇ ગયેલ . એટલે નવા નાકે નવી દિવાળીની જેમ નવા પક્ષે નવી ચૂંટણી લડી રહ્યા છીએ!'પંડિતે પક્ષપારાયણ કરી!

' તમે ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો છે? ' અમે નવો સવાલ કર્યો .

' અમે ચૂંટણીના અનુસંધાનને ચપ્પલઢંઢેરો કે ચપ્પલસંકલ્પપત્ર બહાર પાડ્યો છે. મંદિર જનાર વ્યક્તિ મંદિરની અંદર પૂજાપાઠ કરતાં ચપ્પલ ચોરાઇ જશે તેવા ડરથી પૂજાપાઠમાં ધ્યાન આપી શકતો નથી. અમે તમામ ચપ્પલ ચોર સાથે એમઓયુ કરીને ચોરેલી ચપ્પલ ત્રીસ ટકાના દરે પરત અપાવીશું . અમે ચપ્પલ સન્માન નિધિ હેઠળ દેશની એકસો બેતાલીસ કરોડ જનતાની નવસો કરોડ ચપ્પલનો વીમો ઉતરાવીશું. જેની પણ ચપ્પલ ખોવાઈ જશે તેને વીમા કંપની ચપ્પલની કિંમતના પંચોતેર ટકા રકમ ડીબીટીથી ચપ્પલ ગુમાનના વ્યક્તિના ખાતામાં જમા કરાવશે. દરેક હાથને કામ એ સૂત્ર મુજબ દરેક પગને પગરખાંનો દેશવ્યાપી અમલ કારવીશું દેશમાં એકપણ નાગો, લૂચો, લબાડ, વંચિત, પદદલિત છપ્પરપગો હોય તેનો કોઇ વાંધો નથી. કિન્તુ, કોઇ પણ વ્યક્તિ ઉઘાડપગો ન રહે તેની કાળજી લઇશું' પંડિતે કુશળ સ્ટેટસમેનનની જેમ ચપ્પલઢંઢેરાનું વાંચન કર્યું!

ભરત વૈષ્ણવ

# ૨૨ એપ્રિલ, "વિશ્વ પૃથ્વી દિવસ"



લોકો કુદરતી સ્ત્રોતોનો વિવેકપૂર્વક ઉપયોગ કરે અને હવા, પાણી, જમીન તથા અવાજનું પ્રદૂષણ ઘટાડે તે હેતુથી સૌને જાગૃત કરવા ૨૨ એપ્રિલ,૧૯૭૦ થી 'પૃથ્વી દિવસ' મનાવવાનું શરૂ કરાયું હતું. તે વખતના અમેરિકાના સાંસદ ગેરોલ્ડનેશનલે પૃથ્વી દિવસ મનાવવાનો પ્રારંભ કરાવ્યો હતો. પાણી, વનસ્પતિ, ખનીજ તેલ જેવા કુદરતી સ્રોતોના બેફામ ઉપયોગના કારણે આજે વિશ્વમાં પાણી, શુધ્ધ હવા જેવા સ્રોતોની ખેંચ વર્તાઈ રહી છે. પૃથ્વી ઉપર ભારણ વધ્યું છે. તેથી જ કદાચ કુદરતે કોરોના મહામારી જેવી પરીસ્થિતિનું સર્જન કર્યું છે. પૃથ્વીના ગુણગાન અને તેની પૂજા વેદોમાં કરવામાં આવે છે. ઋગ્વેદ ઉપરાંત અથર્વવેદના બારમા મંડળના ભૂમિક સૂક્તમાં પૃથ્વીની ઉત્પત્તિ વિશે બતાવ્યુ છે. બ્રહ્મા અને વિશ્વકર્મા વગેરે દેવતાઓને કારણે પૃથ્વી પ્રગટ થઇ. આ સૂક્તમાં ૬૩ મંત્રોમાં પૃથ્વીની વિશેષતા અને તેના પ્રતિ મનુષ્યોના કર્તવ્યોનો બોધ કરાવ્યો છે. જે રીતે માતા પોતાના પુત્રોની રક્ષા માટે ભોજન પ્રદાન કરે છે એ જ રીતે માતાની રક્ષા કરવી પુત્રોનુ પણ કર્તવ્ય છે. જ્યારે વિશ્વકર્માએ અંતરિક્ષમાં હવન કર્યુ તો પૃથ્વી અને તેમા છિપાયેલા ભોજ્ય પદાર્થ પ્રગટ થઈ ગયા. જેનાથી ધરતી પર રહેનારા લોકોનું પાલણ પોષણ થઈ શકે. મતલબ ભગવાન વિશ્વકર્માએ જ્યારે લોકકલ્યાણની ભાવનાથી હવન કર્યું ત્યારે બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા પ્રગટ થયા અને બધા દેવતાઓમાંથી શક્તિનો અંશ કાઢ્યો અને એક શક્તિ પૂંજ બની ગયુ. પછી એ શક્તિ પુજ ધરતીના રૂપમાં બદલાઈ ગયું.વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે. ધરતીને પવિત્ર અને મા નુ રૂપ માનતા આપણે તેનાથી મળનારા પદાર્થોને વ્યર્થ ન જવા દેવા જોઈએ. પ્રદૂષણ અને ગંદકી વધવાથી રોકવી જોઈએ અને પૃથ્વી પર વધુથી વધુ વૃક્ષ ઉગાડવા જોઈએ. પૃથ્વીને સ્વસ્થ રાખવા વીજળી બચાવવી જોઈએ જેનાથી ગ્લોબલ વૉર્મિંગની સ્થિતિથી બચી શકાય છે, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પ્લાસ્ટિકને કારણે પૃથ્વી પર અતત ગંદકી વધી રહી છે, કેમિકલ અને તેનાથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ કેમિકલથી પૃથ્વી પર પાણી, હવા અને માટી એટલે કે દરેક પ્રકારનું પ્રદૂષણ ફેલાય છે. તેને રોકવુ જોઈએ. જીવહત્યા અટકાવવી જોઈએ.

- મિત્તલ ખેતાણી

### આજરોજ કેન્દ્રિય મંત્રી શ્રીમતી નિર્મલા સિતારમણજીએ અમદાવાદ ખાતે પ્રેસ વાર્તાને સંબોધન કર્યું.

# છેલ્લા ૧૦ વર્ષમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં પ્રજાલક્ષી કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે: શ્રીમતી નિર્મલા સીતારમણજી



## ગરીબ તેમજ વંચિતો માટે સરકાર કાર્ય કરીને તેમને પણ સશક્ત કરી અને તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા કટિબદ્ધ છે:- શ્રીમતી નિર્મલા સીતારમણજી

શ્રીમતી નિર્મલા સિતારમણજીએ સંબોધન કરતાં જણાવ્યુ કે, લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમે સૌ દેશભરમાં પ્રવાસ કરીને પ્રજાલક્ષી કાર્યોની વાત લોકો સુધી પહોંચાડીએ છીએ. છેલ્લા ૧૦ વર્ષમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં પ્રજાલક્ષી કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે અને જ્યાં પણ કોઈક જગ્યાએ એવા પ્રજાલક્ષી કાર્યો જે છેવાડાના માનવી સુધી નથી પહોંચ્યા તેને પહોંચાડવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. ગરીબ તેમજ વંચિતો માટે સરકાર કાર્ય કરીને તેમને પણ સશક્ત કરી અને તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા કટિબદ્ધ છે. દેશની મહિલાઓને મફત ગેસ કનેક્શન ભાજપ સરકારે આપ્યા, મફત અનાજની સુવિધા, હર ઘર જળ અભિયાનથી પાણીની વ્યવસ્થા, ૨૪ કલાક વીજળી, લઘુ તેમજ કુટીર ઉધ્યોગ માટે લોન આ તમામ મોદી સરકાર દ્વારા કરવામાં આવેલા ૧૦ વર્ષના સુશાસનના કાર્યો પ્રજા સમક્ષ લઈને અમે જઈ રહ્યા છે.

આ પ્રેસવાર્તામાં પ્રદેશના મુખ્ય પ્રવકતાશ્રી યમલભાઈ વ્યાસ, પ્રદેશ મીડિયા સહ કન્વીનરશ્રી ઝૂબિનભાઈ આશરા, પ્રદેશ સહ પ્રવકતાશ્રીઓ શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, શ્રી પ્રેરકભાઈ શાહ, શ્રી ડૉ.શ્રદ્ધાબેન રાજપૂત, શ્રી રાજીકાબેન કચેરીયા, શ્રી જૈનિકભાઈ વકીલ ઉપસ્થિત રહ્યા હતા.

## "ફિલીપીન્સ ની લાડી અને ડેરવાણ નો વર" ના જૂનાગઢમાં થયાં હસ્તમેળાપ



જૂનાગઢ તા.૨૦/૪ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ડેરવાણ ગામ ના વતની અને હાલમાં મુંબઈ વસવાટ કરતા શ્રી નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ શ્રી ઉલ્લાસભાઈ નવલશંકર મહેતા ના સુપુત્ર શ્રી પ્રશાંતભાઈ અમેરીકામાં જોબ કરી રહ્યા છે તેમની સાથે જોબ કરતી ફીલીપીન્સ ની છોકરી ક્રિસ્ટલ ને બંને ને પ્રેમસંબંધ બંધાતા, પ્રેમ ને કોઈ સિમાડા હોતા નથી, પ્રેમ ને કોઈ બંધન હોતા નથી અને વિધાતા એ લખેલા લેખ કોઈ મિથ્યા કરી શકતું નથી તેના દ્રષ્ટાંત રૂપે આજે ૨૦/૪/૨૪ ના રોજ જૂનાગઢ માં સનાતન હિન્દુ સંસ્કૃતિ મુજબ ધામધુમથી તેમનો લગ્ન સમારોહ ઉજવાયો હતો. અને વડીલો એ આશિર્વાદ આપ્યા હતા.

આજના આધુનિક યુગમાં વરરાજા ના દાદીમા શ્રીમતી કંચનબેન નવલશંકર મહેતા કે જેઓ ૮૬ વર્ષે સશકત છે અને તેમણે આ નવવધૂ ને આવકારી હૃદય ના ભાવથી આશિર્વાદ આપ્યા હતા.

## "જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ શહેર દ્વારા પ્રથમવાર મતદાન કરનાર એફ.ડી.મહીલા કોલેજ જમાલપુર ના ૫૦૭ વિદ્યાર્થિની બહેનોએ અચૂક મતદાન કરશે તેના શપથ લીધા"

લોકસભા ચૂંટણી ૨૦૨૪ જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર દ્વારા પૂરજોશમાં મતદાન જાગૃતિ અભિયાન ચલાવાય રહ્યું છે.

એફ. ડી મહીલા કોલેજ જમાલપુરમાં ૫૦૭ વિદ્યાર્થીની બહેનો જે પ્રથમવાર મતદાન કરનાર છે. તેમને જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર શ્રી રોહિત ચૌધરી ના માર્ગદર્શન મુજબ મતદાન જાગૃતિ અભિયાન ની સમજ આપવામાં આવી હતી તેમજ ૧ મતની લોકશાહીમાં કેટલી કિંમત છે.તે સ્વિપ મદદનીશ નોડલ અમદાવાદ શહેર શ્રી ડૉ. એમ આર કુરેશી અને શ્રી ડિ. એચ. અમીન કવિ 'ખામોશ' જિ શિ અધિ. કચેરી અમદાવાદ શહેર, દ્વારા સમજ આપવામાં આવી તેમજ અવશ્ય મતદાન કરશે તે અંગેના શપથ ગ્રહણ કરાવવામા આવેલ કોલેજના આચાર્યશ્રી જાકેરાબહેન બોક્ષાવાલા એ પણ વિદ્યાર્થિની બહેનો પાસે અવશ્ય મતદાન કરશે તેવું વચન લીધું હતુંકાર્યક્રમને સફળ બનાવવા ગર્લ્સ હાઈસ્કૂલ ના આચાર્યશ્રી અનીશાબેન શૈખ અને હીનાબેન શૈખ તેમજ ફહિમભાઈ શૈખ એ જહેમત ઊઠાવી હતી

# શગુન રત્ન જેમ્સ એન્ડ જ્વેલર્સ દ્વારા જેમ સ્ટોન્સ બિઝનેસનું વિસ્તરણ

અમદાવાદ:

અમદાવાદના માણેકચોકમાં આવેલી છેલ્લા ૪૦ વર્ષથી અને સૌથી જૂની જેમ્સ બ્રાન્ડ પૈકીની એક ગણાતી શગુન રત્ન જેમ્સ એન્ડ જ્વેલર્સ, તેના જેમ્સ સ્ટોન બિઝનેસનું વિસ્તરણ કરી રહી છે. શ્રેષ્ઠ ગુણવત્તાના રત્નો અને હીરાના આભૂષણો માટેના એક ડેસ્ટીનેશન ગણાતા શગુન રત્ન જેમ્સ એન્ડ જ્વેલર્સે રવિવારે અમદાવાદમાં તેના નવા શોરૂમની શરૂઆત કરી હતી.અમદાવાદમાં



અજોડ ગુણવત્તા અને ઉત્કૃષ્ટ કારીગરી માટે જાણીતું, શગુન રત્ન જેમ્સ એન્ડ જ્વેલર્સ જ્યોતિષ-ખગોળીય રત્નો, હીરાના આભૂષણો, સોનાની ઈટાલિયન જ્વેલરીની વિવિધ શ્રેણી પૂરી પાડે છે, જે દરેક પ્રસંગને શણગારવા માટે આભુષણને કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવે છે. ટાઈમલેસ બ્રેસલેટથી લઈને એલીગન્ટ ઈયરિંગ્સ અને મનમોહક નેકલેસ સેટથી લઈને મોહક રિંગ્સ સુધી, શોરૂમ દરેક સમજદાર સ્વાદ અને શૈલીને પૂરી પાડે છે.

નવા શો રૂમનું ઉદ્ઘાટન કરતા ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકરે જણાવ્યું હતું કે સિટીનો સૌથી જૂનો ગ્રહોના નંગ બિઝનેસ હવે શહેરના હાર્દ સમા વિસ્તારમાં આવ્યો છે તે સારી વાત છે. નવી પેઢીઓ ખીલી રહી છે અને આ એ વાતની નિશાની છે કે આપણું શહેર વિકાસ કરી રહ્યું છે કારણ કે આપણી યુવા તાકાત છે અને તે હાલની પેઢીએ પૂરવાર કર્યું છે.

આ વિસ્તરણ અંગે ટિપ્પણી કરતા, શગુન રત્ન જેમ્સ એન્ડ જ્વેલર્સના માલિક ગુરજોતસિંઘે જણાવ્યું હતું કે, , "અમને અમારા નવા શોરૂમનું અનાવરણ કરતાં અમે રોમાંચિત છીએ, જે અમદાવાદમાં અમારા મૂલ્યવાન ગ્રાહકને શ્રેષ્ઠ ગુણવત્તાના રત્નો અને હીરાના આભૂષણો પહોંચાડવાના અમારા સમર્પણને દર્શાવે છે. આ ઉદ્ઘાટન અમારી ૪૦ વર્ષની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને અમે આગામી વર્ષોમાં પણ અમારી શ્રેષ્ઠતાની પરંપરા ચાલુ રાખવા માટે ઉત્સાહિત છીએ."

શગુન રત્ન જેમ્સ એન્ડ જ્વેલર્સના માલિક પરોપકરસિંઘે જણાવ્યું હતું કે, "નવો શોરૂમ માત્ર જ્વેલરીનો શોરૂમ નથી પરંતુ એક એવું સ્થળ છે જ્યાં અમે સર્ટીફાઇડ પ્રીશીયસ અને સેમી સર્ટીફાઇડ પ્રીશીયસ સ્ટોનના વિશ્વાસુ સપ્લાયર તરીકે અમારી ગણતરી થાય છે, તે અમારા માટે ગૌરવપ્રદ બાબત છે, જેમ કે કુદરતી પીળા રંગનો - ગુરૂ, નિલમ (પુખરાજ), બ્લુ સફાયર (નિલમ), નિલમ (પન્ના), રૂબી (માણેક), કોરલ (મૂંગા), મોતી, શની,બુધ, મંગળ,ઓપલ, તમામ નવગ્રહ જયોતિષીય પત્થરો, અને ડાયમંડ જ્વેલરી અને ઝઢ ગોલ્ડ જ્વેલરીની અદભૂત પસંદગી યોગ્ય ભાવે કરી શકો છો. વિવિધ પ્રસંગો જેવા કે એનીવર્સરી, સગાઈ અને લગ્ન અથવા રોજિંદા ઉપયોગ અને કેઝ્યુઅલ વસ્ત્રો અનુરૂપ સંપૂર્ણ જ્વેલરી હોય, શગુન રત્ન જેમ્સ એન્ડ જ્વેલર્સ જ્વેલરીના ઉત્કૃષ્ટ સંગ્રહ અને અજોડ શોપિંગ અનુભવનું વચન આપે છે.

## સમસ્ત મહાજન ટીમ દ્વારા અહિંસા યાત્રા અંતર્ગત અમદાવાદમાં આચાર્ય દેવશ્રી યોગીતીલક સુરીશ્વરજી મહારાજના આશીર્વાદનો લાભ લીધો.

સમસ્ત મહાજન દ્વારા વિવિધ લોકસભા ચુંટણીનાં ઉમેદવારોને રૂબરૂ મળી અહિંસા, જીવદયા પ્રવૃતિઓ અંગેનું અહિંસા યાત્રાનું આવેદન પાઠવાઈ રહ્યું છે. સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશભાઈ શાહના માર્ગદર્શનમાં

સમસ્ત મહાજનની ટીમે અમદાવાદમાં આચાર્ય દેવશ્રી યોગીતીલક સુરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદનો લાભ લીધો હતોઁ અહિંસા યાત્રાની વિસ્તૃત માહિતી અને ૮ મુદ્દા ની જાણકારી આપવામાં આવી હતી.

લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે ત્યારે ઉમેદવારો પાસે લોકોને અબોલ પશુ, પક્ષી , જળ ,જંગલ અને સમગ્ર પર્યાવરણની સુરક્ષા માટે માગણી કરવા અને આ માટે વચન માગવા સમસ્ત મહાજન દ્વારા અહીસા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દરમિયાન જીવંત પ્રાણીઓ - પક્ષીઓની નિકાસ અટકાવી, કુદરતી ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા, નદીઓ, નાળાઓ અને તળાવોનું સુરક્ષા કરવી જેથી પાણીનું રક્ષણ થાય, દેશી વૃક્ષો જ વાવવા સહિતની માગણી કરી અને આ બાબતે ઉમેદવારો પાસેથી વચન લેવામાં આવે છે આ સિવાય ભારતમાંથી માછીમારીને પ્રોત્સાહિત કરવાનું બંધ કરવા અને દેશમાં પાંજરાપોળ અને તમામ ગૌશાળાઓને પ્રતિ દિવસ પશુ દીઠ રૂ. ૧૦૦/- સબસિડી આપવા, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગ પર પ્રતિબંધ લાદવા, ભારતના ૬.૫૦ લાખ ગામડાઓની ગૌચરનો વિકાસ કરવા વગેરે મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બાબતે તમામ રાજકીય પક્ષોનાં ઉમેદવારો પાસે વચન લેવામાં આવી રહ્યા છે.

## ચાણસ્મા ખાતે આઠ સી આરં સી કેન્દ્રો સખીમંડળો દ્વારા મતદાન જન જાગૃતિ અભીયાન અંતર્ગત રંગોળી ચિત્રણ સાથે મતદાન કરાવવાનો સંકલ્પ કાર્યક્રમ યોજાયો



લોક સભા ની ચૂંટણી અન્વયે મતદાન નો દિવસ આડે ગણત્રી ના દિવસો બાકી રહ્યા છે. ત્યારે મતદારો દ્વારા વધુમાં વધુ મતદાન થાય તે દિશા માં તંત્ર દ્વારા મતદારો માં મતદાન કરવા પ્રેરાય તેવા શુભ હેતું સર અને ક કાર્યક્રમો જેવા કે રંગોળી હરીફાઈ ભવાઈ સંકલ્પ લેવા સહિત ના જનજાગ્રતિ અભિયાન ના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે ચાણસ્મા ના આઠ સીઆરસી કેન્દ્રો પર બાળકો દ્વારા મતદારો મતદાન કરવા પ્રેરાય તેવી રંગોળીઓનું બાળકો દ્વારા આકર્ષક 'ચિત્રણ કર્યું હતું જ્યારે ચાણસ્મા ખાતે શાળા કુંમાર-૨ ખાતે બી.આર સી. કોઓ પંકજભાઈ પટેલ ના માર્ગદર્શન નીચે મંડલોપ પ્રા શાળાના આચાર્ય મહેન્દ્રભાઈ પટેલ દ્વારા બાળકો ની મદદથી મતદાન જાગૃતિ ને વેગ મળે તેવી આકર્ષક રંગોળી પુરવામાં આવી હતી જયારે ચાણસ્મા તા.પં ખાતે સંખીમંડળો ની બહેનો ની ઉપસ્થિતી માં મતદાન જાગૃતિ અંગે ના સંકલ્પ સુપરવાઈઝર ફલ્ગુની બેન દ્વારા સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા જેમાં તા.વિ.અ સી.બી. લિમ્બાચીયા સખી મંડળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા

# નિલકંઠ ગો વિજ્ઞાન કેન્દ્ર (નાની નાગલપર, અંજાર, કચ્છ) દ્વારા ૨૫, ૨૬ મે એ પંચગવ્ય ઉત્પાદન પ્રશિક્ષણ વર્ગનું આયોજન

નીલકંઠ ગૌ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ગો ઉત્પાદન, ગૃહ ઉદ્યોગ પ્રશિક્ષણ વર્ગનું બે દિવસીય આયોજન કરવામાં આવ્યું છે. ૨૫ મે, શનિવારે સવારે ૯ વાગ્યાથી ૨૬ મે રવિવારના રોજ સાંજે ૫ વાગ્યા સુધી નિલકંઠ ગો વિજ્ઞાન કેન્દ્ર નાની નાગલપર અંજાર કચ્છ ગુજરાત ખાતે પંચગવ્ય ઉત્પાદન પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બે દિવસીય પ્રશિક્ષણ વર્ગનું ઉદઘાટન મેઘજીભાઈ હિરાણી (ગો સેવા ગતિવિધિ સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક) દ્વારા કરવામાં આવશે. વર્ગમાં ગો નાઈલ, ધુપ બતી, ગોબર કુંડા, ગલ્લા પેટ, ચકલી ઘર, લક્ષ્મી જી, ફુલ ડાંડી, મચ્છર તેલ, ગણેશ ૩×, ગણેશ ૧૨×, ખજુર કુલ્ફી, હવન સામગ્રી કંડા, નેચરલ જયુશી, રૂદયમ્ પે, વાઢિયા મલમ, પાચક ચૂર્ણ, નેત્ર, આંખના ટિપા, પંચગવ્ય નસ્ય, નિમ અર્ક, શુભ લાભ, તોરણ, માળા, બેરખા, બેબી પાવડર, છાસ મસાલો, ગોબર પુટી (કલર), રુઝાન સ્પ્રે, ફેસપેક, ત્રિફળા ચૂર્ણ, શેમ્પૂ, દંતમંજન, મોબાઈલ ચિપ્સ, સર્વદર્દ હર તેલ, સાબુ, રાખડી, ધૂપ કપ, પાવડર, પત્રિકા, ગોબર માંડવો, કિચેન વગેરેનું પ્રેકિટકલ પ્રશિક્ષણ આપવામાં આવશે. આ ઉપરાંત કમર, ઘૂંટણ, સાઈટીકાનાં દુઃખાવા માટે પ્રેક્ટીકલ ચિકિત્સા શીખવવામાં આવશે.



વર્ગમાં પુર્ણ સમય રહેવું ફરજીયાત છે. ચાલુ વર્ગમાં ફોન બંધ રાખવાનો રહેશે. બહેનો માટે અલગ રહેવાની વ્યવસ્થા રાખવામાં આવી છે. અંજાર બસ, રેલવે થી વર્ગ સ્થાન સુધી લાવવા-મુકવાની વ્યવસ્થા રાખવામાં આવી છે. વર્ગમાં ભાગ લેનાર સૌ ને પંચગવ્ય ઉત્પાદન કીટ આપવામાં આવશે.

આ પ્રશિક્ષણમાં જોડાવવા માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન શુલ્ક ૧૫૦૦ જમા કરાવવાના રહેશે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવી લેવું. આ અંગેની વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે નિલકંઠ ગો વિજ્ઞાન કેન્દ્ર નાનીનાગલપર, અંજાર, કચ્છ, ગુજરાત (મો. ૯૪૨૮૦ ૮૧૧૭૫) પર સંપર્ક મેઘજીભાઈ હિરાણીની યાદીમાં જણાવાયું છે.

# અરવલ્લી જિલ્લામાં લોકશાહીના અવસરમાં વધુમાં વધુ લોકો મતદાન કરી સહભાગી બનેતે માટે મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરાયું.

અરવલ્લી-લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં તા.૭મી મે ના રોજ મતદાન થનાર છે ત્યારે જિલ્લાના મતદારો વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના પર્વમાં ઉમેળકાભેર સહભાગી થાય અને મુક્ત મને મતદાન કરી શકે તેવા સક્રિય પ્રયાસો અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ ઓફિસર દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ થઇ રહ્યા છે.અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં વિવિધ




મતદાન જાગૃતિ અભિયાન થકી અનેક પ્રકારના સક્રિય પ્રયાસો થઈ રહ્યા છે.જેમાં ઉત્સાહથી નાગરિકો સહભાગી થઈ રહ્યા છે.

અરવલ્લીમાં મતદાન જાગૃતિ અંતર્ગત ધનસુરા તાલુકામાં શ્રી. જે. એસ. હાઈસ્કૂલ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારીકની ઉપસ્થિતિમાં મહિલા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો.જેમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મહિલાઓને સંબોધન કરતા મતદાન અને મતનું મહત્વ કેટલું છે તે જણાવ્યું,સાથે તેમણે મતદાન આપણો અધિકાર છે અને અચૂક મતદાન કરીએ તેવી અપીલ કરી,આપણા જિલ્લામાં ૧૦૦% મહિલા મતદાન થાય તેવી અપીલ કરી છે અને ૭ તારીખે આપણે સૌએ બહાર નીકળીને મતદાન કરીએ અને લોકશાહીના પર્વમાં ભાગ લઈએ.અને મતદાન કરવું અને કરાવવું તે માટે અપીલ કરી છે. આ અભિયાનમાં મતદાન જાગૃતિ વિષય ઉપર ભવાઈ,ફેશન શો,અને ગરબા અને અન્ય કાર્યક્રમ યોજવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,પ્રાંત અધિકારીશ્રી,નાયબ ચૂંટણી અધિકારીશ્રી,સ્વીપ નોડલ અધિકારીશ્રી અન્ય અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.